# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.18 - Issue 10
October 2023
Price 15/-





2ND OCTOBER
HAPPY GANDHI JAYANTI

31st OCTOBER
Sardar Patel Jayanti






HAPPY DUSSEHRA





બોટાદ જીલ્લા કલેક્ટર ભગિની જીન્સી રૉય IAS,નું પુષ્પ ગુચ્છથી સન્માન કરતાં બ્ર.કુ. નીતાબેન.



ભૂજ કચ્છ જીલ્લા કલેક્ટર ભ્રાતા અમીતભાઈ અરોરા IAS, ને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. રીનાબેન.



અમદાવાદમાં ગુજરાતના પ્રિન્સીપલ ચીફ ઈન્કમટેક્ષ કમિશનર ભ્રાતા યશવંત ચૌહાણને રક્ષાબંધન કરતાં સુખશાંતિ ભવનનાં બ્ર.કુ. ગીતાબેન.



સુરેન્દ્રનગર જીલ્લા કલેક્ટર ભ્રાતા કેયુર સંપત IAS, ને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. હર્ષાબેન.



ભરૂચ જીલ્લાના સુપ્રિન્ટેન્ડટ ઑફ પોલીસ ભ્રાતા મયુર ચાવડા IPS, ને રાખડી બાંધતા બ્ર.કુ. હેતલબેન.



પાટણ જીલ્લાના સુપ્રિન્ટેન્ડટ ઑફ પોલીસ ભ્રાતા રવિકુમાર પટેલ IPS, ને સાહિત્ય અને પ્રસાદ આપતાં બ્ર.કુ. નીલમબેન.



દીવના સુપ્રિન્ટેન્ડટ ઑફ પોલીસ ભ્રાતા પીયુષ નીરાકાર IPS ને રાખડી બાંધતા બ્ર.કુ. ગીતાબેન.



આણંદ જીલ્લાના ડી.એસ.પી. ભ્રાતા પ્રવીણભાઈ IPS,ને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ગીતાબેન.

# Gyan Amrit જ્ઞાનામૃત


વર્ષ ૧૬ ઓક્ટોબર - ૨૦૨૩ અંક : ૧૦

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- શુભ ભાવના - શુભ કામના ................તંત્રી સ્થાનેથી ..04
- બાબાની વૈવિધ્યસભર શિક્ષાઓ.........બ્ર.કુ. રામલખન ..07
- સ્વચ્છતા ...........................................બ્ર.કુ. ગીતા ..13
- આત્મઈન્દ્રા દાદીજી ..............................બ્ર.કુ. હેમંત ..14
- દિવ્યદર્શન - નવરાત્રી ........................બ્ર.કુ. નંદિની ..18
- નશામુક્ત ભારત અભિયાન ...............બ્ર.કુ. રાજકોટ ..20
- તૂફાન આયે તો આને દો........................બ્ર.કુ. રેણુકા ..22
- વર્ષ 2024 માટે વિશેષ સૂચના..................................25
- ભારત, હિન્દુ રાષ્ટ્ર કે પછી દૈવી રાષ્ટ્ર ......બ્ર.કુ. અનંત ..26
- એક તપસ્વીકુમારને શ્રદ્ધાંજલિ ...........બ્ર.કુ. તરુબેન ..28
- સંગમયુગની શબ્દાવલી ........................................29



**2023ના લવાજમના નવા દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકાય છે. તેમને જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. મેમ્બર બનવા લવાજમ જમા કરાવીને જાણ કરવા વિનંતી. લવાજમ ભરવા માટે ફક્ત આપેલ બેંકના ખાતા નંબર જ વાપરવો. કોઈ પણ મોબાઈલ નંબર ઉપર (Gpay કે Paytm) પેમેન્ટ કરવું નહિ.


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**
Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# શુભ ભાવના - શુભ કામના

બાબાએ આપણને હોલસેલ (એકીસાથે)માં એક જ પુરુષાર્થ જણાવ્યો છે. પોતાને આત્મા સમજીને મુજ બાપને યાદ કરો અને વિસ્તૃતમાં પુરુષાર્થની ઘણી બધી વિધિઓ બતાવી છે. વળી, સર્વ વિધિઓનો સાર એક જ પુરુષાર્થમાં જણાવ્યો છે. દુઆઓ આપો અને દુઆઓ લો. તેમાં બધો પુરુષાર્થ આવી જાય છે. ઉદાહરણ તરીકે કોઈએ કંઈ કહ્યું અને આપણે સહન કર્યું તો એક ફાયદો એ થશે કે આપણામાં સહનશક્તિ આવશે. કોઈએ કોઈ વાત કહી અને આપણે સમાવી લીધી તો એક ફાયદો થશે. આપણામાં સમાવવાની શક્તિ આવી જશે. દુઆઓ જમા કરવી છે તો એક પગલું આગળ વધવું પડશે. કોઈએ કંઈ કહ્યું તો તો એને સાંભળીને સારી ભાવના રાખો. શુભ સંકલ્પ કરશો ત્યારે દુઆઓ જમા થશે.

## દુઆઓ આપવી અને દુઆઓ લેવી એમાં બે વાત છે.

**દુઆઓ આપવી -** દુઆઓ આપવાનું સાધન છે શુભભાવના અને શુભકામના. એમાં પણ બે વાતો છે ભાવના અને કામના. આપણી ભાવનાને અભિવ્યક્ત કરવાનું સાધન છે કામના. આપણી ભાવના એક અરીસો (દર્પણ) છે. જે ભાવનાઓ અંદરમાં છે તે બહાર દેખાઈ આવે છે કામના તો અંદર એક બહાર બીજી પણ હોઈ શકે છે. કામનામાં છેતરપીંડી પણ હોઈ શકે છે. કોઈ નેતા સ્ટેજ પર સારું ભાષણ કરે, સારી કામના વ્યક્ત કરે પણ અંદર બીજું કંઈ પણ હોઈ શકે છે. ભાવના એટલે બીજાઓ માટે અંદરની લાગણી. મારો ભાઈ યા મારી બહેન છે, તો મારી સેવા એ છે કે તેનું કલ્યાણ થઈ જાય. આ આત્મા બાબાનો (બ્રહ્માવત્સ) બની જાય. એનું દુઃખ દૂર થઈ જાય આ સર્વ શુભકામના છે.

શુભ ભાવના અને શુભકામના જે શુભચિંતક હોય છે તેનામાં હોય છે. શુભ ચિંતક બનવાનો આધાર છે શુભચિંતન અને શુભચિંતનનો આધાર છે શુભ વાચન અર્થાત્ જ્ઞાનનું મનન ચિંતન, સ્મરણ વગેરે. આપણું જ્ઞાન એ શીખવાડે છે કે સર્વ પ્રત્યે શુભભાવનાઓ શુભ કામનાઓ રાખો.

**દુઆઓ લેવી -** બાબાએ એક વાર જણાવ્યું હતું કે પોતાના વ્યવહારથી, કર્મથી બીજાઓને સંતુષ્ટ કરવા, બીજાઓને ખુશ રાખવા અર્થાત્ એમની દુઆઓ લેવી. આ દુઆઓ આપણી પાસે પહોંચી રહી છે. એની નિશાની છે હળવાપણું, કુદરતી ખુશી, મન ભરપૂર.

## દુઆઓ મેળવવાની વિધિ

સંગઠનમાં સાથી આત્માઓની દુઆઓ લેવી હોય તો એની એક શરત છે પ્રેમ અને હકારાત્મક ચિંતન અને સ્થિતિ સમાધાન સ્વરૂપ નાનાઓ પાસેથી દુઆઓ લેવાની છે. સ્નેહ આપો, પ્યાર આપો, આગળ વધારો, એમની સમસ્યાઓ સાંભળો અને સંતુષ્ટ કરો.

મોટાઓ પાસેથી દુઆઓ મેળવવી છે તો દરેક કામ પૂછીને કરો. એમની નજરોમાં રહો અને દરેક વાતમાં મોટાઓને નિશ્ચિંત રાખો, તો આશીર્વાદ મળશે.

મહાભારતનો એક પ્રસંગ છે પાંડવો અને કૌરવોની સેનાઓ સામ સામે ઊભી છે. યુદ્ધનો શંખનાદ થવાની તૈયારી હતી ત્યારે ધર્મરાજ

યુધિષ્ઠિર રથની નીચે ઉતરીને કૌરવ સેનાના સેનાપતિ ભીષ્મ પિતામહ પાસે જાય છે અને પિતામહને બે હાથ જોડીને માથુ નમાવીને યુદ્ધ કરવાની આજ્ઞા માગે છે. તે વખતે પિતામહ પણ રથની નીચે ઊતરીને ધર્મરાજને આશીર્વાદ આપે છે. 'વિજયીભવ' આશીર્વાદ પણ એની મેળે નીકળી જાય છે. પહેલાં આપણે શુભભાવનાનો પ્રયોગ 5 દિવસ માટે કરીએ છીએ તો આ શુભચિંતન કરો.

1. શુભ ભાવના રાખવી એ મહાન આત્માઓની સુંદરતા છે.
2. જેણે પોતાના મનને શુભભાવનાનો ભંડાર બનાવ્યો છે એ બ્રાહ્મણનું જીવન સફળ છે.
3. આપણી શુભ ભાવનાઓ શત્રુને પણ મિત્ર બનાવી શકે છે.
4. જે કાર્ય તન અને ધનની શક્તિથી થતું નથી એ કાર્યને આપણી શુભ ભાવનાઓ સરળતાથી સંપન્ન કરી શકે છે.
5. જેટલી આપણામાં પવિત્રતા અને યોગનું બળ હશે એટલો આપણી શુભ ભાવનાનો પ્રભાવ બીજા ઉપર પડશે.
6. આપણી શુભ ભાવનાઓ બીજાને જીવનદાન આપશે
7. આપણી શુભભાવનાઓ બીજાઓ માટે વરદાન બની જશે.

## આપવાનું શરૂ કરો, તે નિરર્થક જશે નહી.

હાથ ખુલ્લા હોય, દિલ મોટું અને મનમાં આપવાનો ભાવ ભરેલો હોય પછી જીવનમાં કંઈક થાય કે ન થાય. આપનાથી વધારે સુખી અને સંતુષ્ટ કોઈ બની શકતું નથી. મનમાં ભાવ પ્રગટે એ માટે દિલ મોટું કરો. દિલ વિશાળ બને તે માટે હાથ ખુલ્લો રાખો. હાથ ખોલવા માટે આપવાનું શરૂ કરો. આજે જ, અત્યારે. અતીતમાં પાછા ફરો. સંભવ છે કે કેટલાક ભાગ્યશાળીઓના જીવનમાં અતીત વર્તમાનમાં પણ હાજર હોય છે. આ ત્યારની વાત છે કે જ્યારે ઘરમાં બનનારી પહેલી રોટલીઓ ગાય, કૂતરા અને અતિથિ માટે કાઢવામાં આવતી હતી. એના પછી જ પરિવારના સભ્યો જમતા હતા. જેનું પ્રથમ પાઠશાળા કહેવાતા પરિવારમાં આ પાઠ શીખવવામાં આવતો હતો. દાદા દાદી માતા પિતા ગુરુની ભૂમિકામાં હતા.

## આપવાનો ભાવ આ છે

આ ભાવના વિકાસથી સામાજિક જ નહીં માનસિક દૃષ્ટિકોણ પણ છે. અહીં એક રસપ્રદ તથ્ય ઉપર ધ્યાન આપીએ મોટે ભાગે એ ધારણા છે કે જે વ્યક્તિ આધ્યાત્મિક હોય છે એનામાં પ્રેમ, અહોભાવ, સમર્પણ, કરુણા આપવાનો ભાવ વિકસિત થવા માંડેછે. ત્યારે જ તે સાચા અર્થમાં મનુષ્ય કહેવાય છે. દાર્શનિક, મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક ગુરુ એ વાત ઉપર એકમત છે કે આપવાનો આ ભાવ, પ્રેમનું પ્રારંભિક અને અનિવાર્ય લક્ષણ છે.

## એક નાની વાર્તા સાંભળો

એક સાધુએ ગૃહસ્થને એક સોનાનો ટુકડો આપ્યો. પછી સાધુએ લોખંડના ટુકડા સાથે પથ્થરનો સ્પર્શ કરાવ્યો તો તે સોનું બની ગયો. ગૃહસ્થે સાધુ પાસેથી તે પથ્થર માંગી લીધો. સાધુએ તેને સહજ ભાવથી આપી દીધો. ગૃહસ્થ સમજ્યો કે એને જમાનાની દોલત મળી ગઈ. ત્યારે એણે જોયું કે સાધુનો ચહેરો સોના કરતાં પણ વધુ ચમકી રહ્યો હતો. અચાનક એ ગૃહસ્થે પથ્થર પાછો આપ્યો. એણે કહ્યું, આપનામાં આપવાનો ભાવ એટલો છે કે પારસ આપવામાં એક પણનો પળ

વિલંબ ના કર્યો.

### આપવાનો ભાવ આપવાની ક્રિયાથી અલગ છે

એને એમ સમજો કે અમીર પોતાના ધનનો વધારે હિસ્સો આપે છે તો તે ક્રિયા છે. પરંતુ ગરીબ માણસ પોતાના ભાગની એક રોટલી બીજાને આપે છે તો એમાં આપવાનો વાસ્તવિક ભાવ હોય છે. ભગવાન પણ આપણી પરીક્ષામાં આ ભાવને જુએ છે. લૌકિક ભાષામાં એને મોટું દિલ કહે છે.

### આપણી અંદર આપવાનો ભાવ છે

આપવાના ભાવમાં કોઈ વિચાર નથી. કોઈ યોજના નથી હાનિ લાભનો કોઈ ગુણાકાર ભાગાકાર નથી. સંપૂર્ણ પ્રકૃતિ આ ભાવથી ભરેલી છે. સૂર્ય કોઈ શરત વિના પ્રકાશ અને ઉર્જા આપે છે. આ પ્રકૃતિનો એક હિસ્સો હોવાને નાતે આ ભાવ આપની અંદર પણ રહેલો છે. પરંતુ સ્વાર્થ જેવી કમજોરીઓને લીધે તે દબાઈ ગયો છે. એને ખોદીને કાઢો.

કેટલીક વાર આપણે વિચારીએ છીએ કે અમારી પાસે આપવા જેવું કંઈ નથી. આપણી પાસે કાંઈ હોય કે ના હોય તેની સાથે સંબંધ નથી. આ ભાવ છે કોઈ વસ્તુ નથી જે વ્યક્તિને હકારાત્મક બનાવે છે. આ ભાવ દશામાં તે ફરિયાદ કરવાવાળી પ્રકૃતિનો બની શકતો નથી. કારણ કે તેની કોઈ માગણી નથી પણ તે તો આપવા માટે તત્પર હોય છે.

આ વ્યક્તિને અધિક સામાજિક ઉદાર અને જવાબદારીવાળો બનાવે છે. આ અંગેનું અધ્યયન જણાવે છે કે આવા લોકો માનસિકરૂપથી સ્વસ્થ અને લક્ષ્ય નક્કી કરેલા હોય છે. એમના સંબંધો વધારે મહત્વપૂર્ણ હોય છે. એનાથી વિપરીત વસ્તુઓ ઉપર પક્કડ ધરાવનાર લોકોમાં પેટ સંબંધી બીમારીઓ જેવી કે કબજીયાત, અપચો, એસીડીટીની વધારે શક્યતા રહે છે. ફલાણી ચીજ મારા કામની છે, અત્યારે નહીં તો ભવિષ્યમાં કામ આવી શકે છે. આ રીતની પ્રકૃતિ આપણને સંકુચિત અને આત્મ કેન્દ્રિત કરે છે. જે કેટલીક માનસિક, સામાજિક અને શારીરિક સમસ્યાઓને જન્મ આપે છે.

### ઓળખીને જોઈ જુઓ

આપવું કદી નિરર્થક જતું નથી. અત્યારે તો હું આપવાનો ભાવ વિકસિત કરી રહ્યો છું. જેના બહાનાં કાઢશો નહીં. એટલે વિકાસની સાથે સાથે આપવાની ક્રિયા ચાલુ રાખો. એ જાણી લો કે આપવું કદી નિરર્થક જતું નથી. પ્રાચીન ભારતમાં એમ કહેવાતું કે એવી કોઈ વનસ્પતિ નથી જેમાંથી દવા ન બને. આ રીતે આપણે કહી શકીએ કે એવી કોઈ વસ્તુ નથી જે ઉપયોગી ના બને. પછી ભલે તે ગમે તેટલી જૂની હોય. તો આપવાનો ભાવ પ્રગટ કરવા માટે વાસ્તવિક રીતે આપવાનું શરૂ કરો. દિલ ખુલ્લું રાખો અને હાથ પણ ખુલ્લો રાખો. સૌથી પહેલાં જે વસ્તુ તમારા માટે ઉપયોગી ના હોય તે આપી દો. પછી તમારા ઉપયોગમાં આવતી ચીજો, ખાદ્યપદાર્થોમાં કાપ મૂકીને આપવાનું શરૂ કરો. આપ જેટલું આપશો તેથી વધારે ખુશી અને સંતોષ મળશે. કોઈના ચહેરા ઉપર પ્રસન્નતા ના હોય તો તમે એના પ્રત્યે પ્રસન્નતાથી જુઓ.

॥ ૐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

- **જે સદા શ્રેષ્ઠ કર્મ કરે છે તે જ સદા પ્રસન્ન રહે છે. શ્રેષ્ઠ કર્મની નિશાની છે સ્વયં પણ સંતુષ્ટ અને બીજા પણ સંતુષ્ટ. જો કોઈ સ્વયંથી અસંતુષ્ટ છે યા બીજા એનાથી અસંતુષ્ટ છે તો સમજવું કે યોગયુક્ત બનવામાં કોઈ ખામી છે.**

# બાબાની વૈવિધ્યસભર શિક્ષાઓ

બ્ર.કુ. રામલખન, શાંતિવન, આબુરોડ.

જેના બુદ્ધિરૂપી પગ વિકારોરૂપી અગ્નિમાં ખૂંપેલા હોતા નથી તેઓને સદ્‌ગુરુ બાબા સતત આંતરિક ખુશી બક્ષતા રહે છે. દિવ્યજ્ઞાન નેત્રોથી ભરપૂર સંતોષ આપી એમને 56 કોણીય કીમતી હીરે તુલ્ય બનાવે છે.

ભક્તિમાર્ગમાં દેવી-દેવતાઓના મંદિરોમાં 56 પ્રકારના ભોગ લાગે છે. આ એજ આત્માઓ છે, જેઓ અત્યારના પુરુષોત્તમ સંગમયુગ પર અવગુણી સંસાર સાગરમાં રહેવા છતાં 56 પ્રકારના ગુણ ધારણ કરતાં, વિભિન્ન પ્રકારની સેવામાં સદા વ્યસ્ત રહે છે. ભોગી મનુષ્યો, ઈન્દ્રિય મિલન માટે સદા ઉત્કંઠિત રહેતા હોય છે, જ્યારે બહુમૂલ્યવાન હીરા બનવાવાળા આત્મા નિરંતર રુહાની ખુશી ફેલાવવા માટે, મનમંદિરમાં બાપદાદાની પાવન સ્મૃતિ સહજ સર્વદા રાખે છે. આવો, સર્વથી ગુણ ગ્રહણ કરી, સ્વર્ણિમ, સ્વપ્નિલ મહેલો તથા દૂધ, ઘી, ફળ, ફુલોથી ભરપૂર સંસાર શિવબાબા કેવી રીતે બનાવે છે, તે જોઈએ.

### હઠયોગીયો પાસેથી શિક્ષા

બાબા કહે છે હઠયોગી બાળકો, સ્વયંના કુસંસ્કારોને બદલવા માટે ચમત્કારિક ઢંગથી, હઠપૂર્વક શ્વાસ રોકે છે, (પ્રાણાયામ), અગ્નિ વા પાણી પર ચાલવાની યાતના વેઠે છે, પોતાના ઈષ્ટ દેવોનું ધ્યાન ધરે છે અને 'અહમ બ્રહ્માસ્મિ શિવોહમ' કહી પોતાને ભ્રમિત કરતા રહે છે પરંતુ સ્વયંને સંતુષ્ટ તથા પાવન બનાવવા માટે, જ્ઞાનસહિત પરમપિતાની પાવન સ્મૃતિ, જીવનમાં ધારણ કરી શકતા નથી. તેઓની હાલત જોઈને આપણે 'बीस नाखूनों का जोर' યાને સંપૂર્ણ ધગશથી ઈશ્વરીય સેવા અને પરમાત્મ સ્મૃતિમાં નિરંતર રત રહેવું જોઈએ.

### ઝવેરીઓ પાસેથી શિક્ષા

સાચા ઝવેરી તરત જ પારખી લે છે કે આ સાચો બે દાગ હીરો છે કે નકલી હીરો છે. આ ઈશ્વરીય જ્ઞાન રત્ન તો આવા હીરા - મોતીઓથી પણ મૂલ્યવાન છે. રત્નાગર, સોદાગર બાબા, વિકાર બુદ્ધિ દ્વારા કમાયેલા પથ્થર લઈ, બદલામાં અણમોલ અપાર જ્ઞાન રૂપી રત્ન આપે છે, જે કદી પણ ખૂટતાં નથી પરંતુ વહેંચવાથી વધે છે.

### રત્નાગર પાસેથી શિક્ષા

બાબા, સાંસારિક શ્રૃંગારોને છોડી, સાચા જ્ઞાન રત્નોના સોદા કરવાની સ્મૃતિ અપાવે છે. અત્યારે આપણે જેટલા પોતાનો તથા બીજાઓનો રુહાની શ્રૃંગાર કરીશું અને કરાવીશું, તેટલા જ સતયુગમાં સ્વર્ણિમ રત્નજડિત મહેલોમાં રહીશું.

### સોદાગર પાસેથી શિક્ષા

ભક્તિમાં આપણે ભગવાન પાસે માંગીએ છીએ પરંતુ બાબા કહે છે, 'વણમાંગ્યે મોતી મળે, મળે ન માંગી ભીખ.' બાબા વાયદો કરે છે કે તમે જો પાંચ વિકારો રૂપી ખોટા સિક્કા આપશો, તો તેના બદલામાં 21 જન્મોની બાદશાહી મળશે. બાબા, સુદામોનું દ્રષ્ટાંત આપી, કખપન લઈ લખપન આપે છે. કહે છે, જે વાવે તે લણે.

### શહનશાહો પાસેથી શિક્ષા

રાજા, મહારાજાઓનું ઊઠવું, બેસવું, બોલવું, ચાલવું, ખાવું, પીવું આ બધું રોયલ હોય છે. પવિત્ર અને સાફ દિલવાળા બાળકો જ વિષ્ણુના ગળાની માળા બને છે. જેઓ દિલ લગાવી, શરીરની પણ પરવા કર્યા વગર, સેવામાં રત રહે છે તેઓ જ વિઘ્ન વિનાશક નવરત્નોમાં ગણાય છે.

## સોની પાસેથી શિક્ષા

જેવી રીતે સોની, સામાન્ય અશુદ્ધ સોનાને, શુદ્ધ કરવા કોઈ ધાતુ સાથે મેળવી ભઠ્ઠીમાં તપાવે છે જેથી ધાતુની સાથે સોનામાંનો મેલ, અશુદ્ધિ નીકળી જાય છે. તેવી રીતે બાબા આપણને યોગભઠ્ઠીમાં તપાવી, આપણામાં રહેલા કુસંસ્કારોને કાઢી, બેદાગ હીરા તુલ્ય બનાવે છે. યોગ ભઠ્ઠી દ્વારા વિકારો રૂપી ખાદ દૂર કરી, આપણું ગુમાવેલું રાજ અને તાજ ફરીથી અપાવે છે.

## ફેરિયા (પ્યાલા બરણીવાળા)ઓ પાસેથી

જેમ પુરાણા ફાટેલા કપડાં કે વાસણો લઈ, ફેરિયાઓ તેની અવેજમાં નવા કપડાં વા વાસણ આપે છે, તેવી જ રીતે બાબા આપણા પુરાણા શરીર પાસે, ઈશ્વરીય સેવા કરાવી, તેના બદલામાં સતયુગી દૈવી નિર્વિકારી કાયા આપે છે. રત્નજડિત, કાંચન યાને સોનાના મહેલ અને પ્યારા સંબંધો આપે છે.

## કથાવાચક પંડિત પાસેથી

શબ્દજાળથી શિષ્યો બનાવી, દર દર ભટકવાને બદલે, પહેલાં પોતાને પછી બીજાઓને પણ ષટવિકારોથી મુક્ત કરવાના છે. અનુચિત સેવા લેવાવાળા જન્મોજન્મ માટે કર્મબંધનમાં જકડાઈ જાય છે.

## માળી પાસેથી

ખૂબ પરિશ્રમ, સાચવણી અને સંભાળ દ્વારા ફુલવાડી જ્યારે ખીલી ઊઠે છે ત્યારે માળીનું મન કેટલું પ્રસન્ન થઈ જાય છે. તેમ બાબા માયારૂપી પક્ષીઓ અને વિકલ્પો રૂપી આંધીઓથી બચાવી, કાંટારૂપ માનવીઓને ફરિસ્તા સો દેવતા સ્વરૂપ શ્રૃંગારિત કરે છે. જેમ અનેક ફુલોના સંગઠનથી ગુલદસ્તો - માળા વા બગીચો શોભાયમાન બને છે તેવી જ રીતે આ ધરાને આપણે અલ્લાહનો બગીચો બનાવવાનો છે.

## કરણીગોર બ્રાહ્મણ

સંસારના મહામૃત્યુ પહેલાં આપણે પુરાણા સાજ - સામાન, વિશ્વ કલ્યાણ અર્થે, ઈશ્વરીય સેવામાં લગાવી દેવા જોઈએ. દુન્યવી બ્રાહ્મણ લગન કરાવવાની દક્ષિણા લઈ સંસારી બનાવે છે. પરંતુ આપણે તો પતિત પાવન પરમાત્માની મહિમા સંભળાવી, મનુષ્યોના જીવનનો સંબંધ, સદ્‌ગતિદાતા સાથે જોડાવવાનો છે. સાચો બ્રાહ્મણ તેનેજ કહેવાય જે સત્ય નારાયણની સત્ય કથા સંભળાવ્યા વગર ભોજનને પણ હરામ માને.

## મહેતર - ભંગી

બાબા કહે છે કે જેઓ કામાતુર છે, તેઓ કચરા ઊઠાવવાવાળા મહેતરથી પણ બદતર છે. કારણ કે તેઓનું ધ્યાન હંમેશા મનુષ્યના ગંદકીથી ભરેલા અંગો પર જ લટ્ટુ રહે છે. કામ, ક્રોધનું ભૂત સવાર હોવાને લીધે તેઓની દ્રષ્ટિ, વૃત્તિ અને શરીર મ્લેચ્છ સમાન બની જાય છે. જો કોઈ લઘુ શંકા કર્યા બાદ સ્નાન આદિ કરી સ્વચ્છ બનતા નથી, તેઓ પણ અશુદ્ધ છે.

## ચમાર

ફક્ત ચામડાનું કામ કરનાર જ ચમાર નથી પરંતુ વાસ્તવમાં, કાળા - ગોરા, સુન્દર - કુરૂપ, વૃદ્ધ - જવાન, નર - નારી, ઊંચ - નીચ એવી દૃષ્ટિથી વ્યવહાર કરનારા પણ છે. સાચા બ્રાહ્મણ તેને જ કહેવાય જે ચામડીની દ્રષ્ટિ વૃત્તિથી પર રહી વ્યવહાર કરે.

## કસાઈ - જલ્લાદ

કસાઈ, જીવ - પ્રાણીની હત્યા કરી એક જન્મ માટે દુઃખ આપે છે. જ્યારે કામ કટારી ચલાવવાથી આત્મા જન્મ જન્માંતર માટે પતિત બને છે. કામી, ક્રોધી કેવળ બીજાઓની જ હિંસા નથી કરતા, પરંતુ સ્વયંના આત્માની પણ હિંસા કરી, પતિત બનાવે છે.

## વકીલ - બેરીસ્ટર

કાનૂની દલીલ પેશ કરતી વખતે, જો કોઈ વકીલ, મહત્ત્વપૂર્ણ કાનૂની હકીકત જજને બતાવવાનું ભૂલી જાય, તો કોઈને મોતનો દંડ પણ અપાવે છે. આપણે બાળકોએ સહી સમય પર સત્ય પોઈન્ટ સંભળાવી, ધર્મરાજાના દંડ, ગર્ભ જેલ તથા યમની ફાંસીથી પતિત આત્માઓને મુક્ત કરાવવાના છે.

## ડોક્ટર - કમ્પાઉન્ડર

રોગોનું મૂળ એવા વિકારોની સર્જરી કરવા, આપણે અનેક રૂહાની હોસ્પિટલ ખોલવાની છે. પતિતોને જ્ઞાનરૂપી પરમ ઔષધિ, યોગરૂપી ઈન્જેક્શન લગાવી, કુસંગથી બચાવવા ‘કર્વારન્ટાઈન’માં રાખવાના છે. કામના વાર પર, ક્રોધની અશાંતિ પર, મોહના ઘાવ પર, અહંકારના નશા પર અને લોભની જલન પર, કમ સે કમ તરત જ ફર્સ્ટ એઈડ કરવાની છે.

## જીવન વીમા

જેઓ પોતાનું સર્વસ્વ પરમાત્માને હવાલે કરી, શરણાગત સ્વીકારી લે છે. તેઓ એકવારમાં સામટું જ જિંદગીભરનું પ્રીમીયમ ભરી દે છે. તેઓને જન્મ-જન્માંતરને માટે સતોપ્રધાન, અસીમ ધનધાન્ય, સુખશાંતિ પ્રાપ્ત થઈ જાય છે. બોમ્બ દ્વારા સર્વનાશ થાય તે પહેલાં જમા કરી, ફિકર સે ફારિગ યાને બેગમપુરના બાદશાહ બની જાઓ.

## કદમ કદમ પર ફોલો કરવું

પવિત્ર કન્યાને વડીલો આગળ નમવું પડતું નથી પરંતુ કામ સંબંધ (લગન)માં બંધાયા બાદ જ, મોઢું છુપાવવા, ઘુંઘટ કાઢવો પડે છે. અને બધા વડીલો આગળ ઝુકીને ચરણ સ્પર્શ કરી, પોતાના પતનની કબુલાત કરવી પડે છે. સતયુગમાં યોગબળથી જન્મ લેતા હોવાને લીધે બધા જ મહાત્મા કહેવાય છે.

## શિવની બારાત

જ્યારે બધા જ આત્માઓના, ગુણ, કર્મ, સ્વભાવ, ભૂત-ચુડેલ અને અસુરો જેવા બની જાય છે. કોઈપણ સંબંધમાં ધર્મનો નેજો જળવાતો નથી તેવા સમયે શિવ, સર્વ આત્માઓની બારાતના દુલ્હા બની લેવા આવે છે.

## જ્ઞાનરૂપી તલવાર

ગીતામાં પણ બતાવ્યું છે કે કામરૂપી મહાશત્રુને જ્ઞાનરૂપી તલવારથી જીતવો જોઈએ. એની યાદગાર રૂપે બારાત-જાનની આગળ જાગતી જ્યોત સમાન શિવબાબાની સ્મૃતિરૂપ રામણદીવડો લઈ ચાલવાની પ્રથા છે.

## સતી પ્રથા

જીવતે જીવ અગ્નિમાં પ્રવેશ કરવો એ ધર્માનુકૂલ નથી પરંતુ હિંસા છે. જે પરમેશ્વર રૂપી પતિના પ્રેમમાં અગ્નિ દાહ જેવા કપરાં કષ્ટોને પણ સહન કરી લે છે. તેનેજ સાચી સતી કહેવાય. તેજ પરમેશ્વરના ધામ યાને પરમધામમાં જઈ, સ્વર્ગમાં વિધવાપણું લોકલાજ અને કુદૃષ્ટિથી બચી જાય છે.

## તિલક

બિન્દી અથવા તિલકને વિનાશી શોભાના રૂપમાં લગાવે છે. પરંતુ એ તો અવિનાશી આત્માની યાદગાર છે. સર્વને ભૃકુટી રૂપી કુટિયામાં જોવા એ આપણા બ્રાહ્મણોનો સાચો ધર્મ છે.

## મુખમાં ગંગાજળ

આ કલિયુગમાં મનુષ્યના શ્વાસનો કોઈ ભરોસો નથી તેથી નિત્ય જ્ઞાનરૂપી ગંગાજળનું પાન કરતા રહેવું જોઈએ.

## મૃત્યુ યાત્રા - સ્મશાનયાત્રા

આ સંસાર એક બેહદનું સ્મશાન બનવાનું જ છે તેથી જીવતે જીવ આપણા પગ નર્કમય સંસાર તરફ અને મુખ શિવબાબા રૂપી સ્વર્ગ તરફ જ હોવું

જોઈએ. જીવતે જીવ આત્માદીપ પ્રગટાવવાનો છે નહિ કે મૃત્યુ પર દીપક જલાવવાથી રાહ મળશે એમ માનવું.

### જન્મ સમયના રિવાજો

જેવી રીતે અપરાધી જેલમાંથી છુટતાની સાથે જ પાછો અપરાધ કરવા લાગે છે તેવી જ રીતે મનુષ્ય ગર્ભ જેલમાંથી નીકળતાની સાથે જ ત્યાંના (ગર્ભ)ના વાયદા ત્યાં જ રાખે છે. સચેત થતાંની સાથે જ સંસારના ચટાકામાં જોડાઈ જાય છે. ધર્મરાજા બાબા ગર્ભ જેલ અને લૌકિક જેલમાંથી 21 જન્મો છોડાવવા આવ્યા છે, ત્યારે ઈશ્વરીય જન્મસિદ્ધ અધિકાર લેવા માટે સ્વયંને ઈશ્વરીય સ્મૃતિમાં રાખો.

### ગુણોની પરખ

કોઈને પોતાના ગુણ અનુસાર સેવા મળી જાય તો એમાં એ એવા વ્યસ્ત થઈ જાય છે કે એના પુરાણા સંસ્કારને બહાર આવવાનો સમય જ મળતો નથી.

### પ્રેમ સન્માન સાથે આગળ વધારવાની રીત

બાબાના રૂહાની સ્નેહમાં આત્માઓ જાન ન્યોછાવર કરવા તૈયાર થઈ જાય છે. ઋષિમુનિઓ અને શાસ્ત્રો, ગૃહસ્થી પાસે બ્રહ્મચર્યનું પાલન કરાવી ન શક્યા, તે કામ બાબા બચ્ચે બચ્ચે કહી કરાવી લે છે.

### સાચા પિતા

મધુવનથી વિદાય વેળા બાબા કહે છે - ખુશ ખૈરાતના સમાચાર લખતા રહેજો... બાબાની દાઢીની લાજ રાખજો. મનકે હારે હાર, મનકે જીતે જીત.

### મર્યાદા શીખવવી

કોઈની કોઈપણ ખામીને ઓછી કરવી. અસમર્થતાને આપણા સામર્થ્ય દ્વારા પૂરી કરવી એ આપણા બાબાના બાળકોનું કર્તવ્ય છે. જે બાળકો, માયાને વશીભૂત થઈ સંશયાત્મા બની કોઈને કોઈ ભૂલ કરતા રહે છે, તેઓને માટે બાબા કહે છે કે તેઓ સતયુગમાં ઉચ્ચ પદ મેળવી શકતા નથી.

### સ્વયં મહેનત કરી દાખલો બેસાડ્યો

સેવા - સેવા - સેવા બધાને રુહાની સુખ આપવા માટે જ એના વિચારો ચાલતા રહેતા હોય છે. બાબા કહે છે, કંચન કાયા ત્યારે જ મળશે, જ્યારે અસમર્થ હોવા છતાં સમર્થ બાપના સહયોગથી વિશ્વનું નવનિર્માણ કરીશું, યજ્ઞના કણ કણ સાથે પ્રેમ રાખો.

### ખુશીમાં લાવી હળવા કરવા

બાબાની મધુર પ્રસન્નતા જોઈને આત્માઓની ખુશીનો પારો ચઢી જાય છે. બાબા કહે છે આપ આત્માઓ જ બ્રાહ્મણકુળ ભૂષણ, રાજઋષિ, રાજયોગી, ઈશ્વરીય કુળના છો. સર્વ સમર્થ બાપ આપની સાથે છે તેથી વિજયનું તિલક આપના શિરે લાગેલું જ છે. બાબા, વિઘ્નોને ઉચ્ચ પદની નિશાની, પરીક્ષાઓને ઉચ્ચ પુરુષાર્થ માટેની પ્રતિક્રિયા અને તોફાનોને તોહફા બતાવે છે. બસ, ઈશ્વર પિતાને સાથે રાખી આ સૌને પાર કરો તો કદમ કદમમાં પદ્મોની કમાણી થશે.

### વૃક્ષ છોડ દ્વારા શિક્ષા

કોઈનામાં નમ્રતા ન જોતાં બાબા સમજાવતા કે એના પર ફળ કે ફૂલ લાગ્યા નથી. જે આત્મામાં જ્ઞાનરૂપી રસ ભરાઈ જાય, યોગથી પાક્કા થઈ જાય, તેને બાબા ફળ માને છે.

### મોર - ઢેલ દ્વારા શિક્ષા

બાબા કહે છે રાષ્ટ્રીય પક્ષી મોર અત્યારે પણ સતયુગી પવિત્રતાનું પ્રતીક છે. બાળકો, આપ પણ મોર મુકુટધારી બનવા માટે, આ જન્મમાં યોગી, અને નિર્વિકારી બનો તો તમને સતયુગમાં તાઉસી તખ્ત મળશે.

## હંસ

બાળકો આપ જ હંસ માફક જ્ઞાનગુણોના મોતી ધારણ કરતા રહો છો. તમારે ગંદકી ખાવાવાળા બગલાનો સંગ કદી ન કરવો.

## ભ્રમરી

જેવી રીતે ભ્રમરી કોઈપણ કીડાને ભૂં ભૂં કરી પોતાના સમાન બનાવી દે છે. તેવી રીતે આપ બ્રાહ્મણો પણ વિકારી મનુષ્યોને જ્ઞાન યોગ શિખવતા શિખવતા આપ સમાન નિર્વિકારી જીવન જીવતા શીખવી દો.

## પતંગિયા

કોઈ કોઈ પતંગિયા દીપકની જ્યોતમાં સળગી જઈ મરી જાય છે જ્યારે કેટલાક જ્યોતની આસપાસ ફેરકુદરડી ફરી ચાલી જાય છે. તેવી રીતે કોઈ કોઈ આત્મા જાગંતિ જ્યોત શિવ પર તન-મન-ધનથી ન્યોછાવર થઈ પોતાનું સર્વસ્વ સફળ કરી લે છે જ્યારે કેટલાક તો પાસે આવીને પણ પાછા ચાલી જાય છે.

## સાપ

સાપ જેમ પોતાની કાંચળી આસાનીથી છોડે છે તેવી રીતે યોગાભ્યાસ દ્વારા આપણે શરીરનું ભાન ભૂલતા શીખવાનું છે, ત્યારે જ સતયુગમાં પુરાણા શરીરને કષ્ટ વગર વસ્ત્રની માફક છોડી શકીશું. સંન્યાસી, નારીને નાગિન કહે છે, તો નર નાગ કહેવાય ને?

## કાચબો

જેવી રીતે કાચબો પોતાના નિત્ય કર્મ પતાવી, પોતાના અંગોને સમેટી લે છે તેવી જ રીતે તમારે પણ આવશ્યક વ્યવહાર પૂરો કરી, દેહથી ન્યારા બની, બાબાની સ્મૃતિમાં સમાઈ જવાનું છે.

## મધમાખી

સર્વ મધમાખી પોતાની રાણી માખીની પાછળ પાછળ જાય છે તેવી રીતે કલ્પના અંત વખતે સર્વ આત્માઓ સદ્‌ગુણોના સાગર શિવબાબાની પાછળ પાછળ પોતાને ઘેર-પરમધામ ચાલી જશે.

## ઊંટ પક્ષી

જેમ ઊંટ-પક્ષી કંઈ પણ કામ કરવા તૈયાર નથી હોતું, ફક્ત વાતોના વડા જ કર્યા કરે છે તેમ આળસુ મનુષ્યો ધારણામાં પરિપક્વ થતા નથી. કોઈ ને કોઈ બહાના જ બતાવ્યા કરે છે.

## ચાત્રક

જેવી રીતે ચાત્રક વરસાદના પાણી વિના અને માછલી દરિયાના પામી વિના વલવલે છે તેમ જ્ઞાનના ચાત્રક આત્માઓ જ્ઞાન ધારણ કરી, એની વર્ષા કર્યા વગર એક દિવસ પણ રહી શકતા નથી.

## પોપટ

પોપટ માફક જ્ઞાન સાંભળી, બીજાઓને પણ સંભળાવ્યા કરો નહિ તો બુદ્ધિને તાળુ લાગી જશે.

## લગામ વગરનો ઘોડો

જ્ઞાન લીધા પછી પણ શિવબાબાની આજ્ઞા અનુસાર ચાલતા નથી તેઓ બેલગામ ઘોડા જેવા છે. જેઓ છુટા થઈ ભાગી જઈ, ખાડામાં પડી જાય છે.

## વાંદરો

વાંદરામાં પાંચે વિકાર પ્રબળ હોય છે. એનું બાળક મરી જાય તો પણ વાંદરી એને છાતીએ લગાવી ફર્યા કરે છે અને હાથી જેવા મોટા પ્રાણી સામે પણ ઘૂર ઘૂર કરે છે.

## કામી કૂતરો

કૂતરામાં વાસના અધિક પ્રમાણમાં હોય છે. એવા કૂતરા જેવા મનુષ્ય પરમપિતા પરમાત્માને ભૂલી Godના બાળકો Dog જેવા બની જાય છે.

## વીંછી

સતયુગમાં સંતતિ યોગબળથી ઉત્પન્ન થતી હોવાથી દુઃખમયી નથી હોતી. જેમ વીંછી નરમ ભાગ પર જ ડંખ મારે છે તેમ તમે પણ ચાત્રક

આત્માઓને જ જ્ઞાન રત્નનું દાન કરો. વીંછી જેમ ડંખ મારવાના ગુણને છોડી નથી શકતો તેમ ગુણી આત્માએ પોતાના વિશેષતા - ગુણને ગમે તેવી પરિસ્થિતિ આવે તો પણ છોડવા નહીં.

### ચામાચીડિયું

જ્ઞાન સૂર્ય પરમાત્માના અવતરિત થવા છતાં જેની બુદ્ધિમાં જ્ઞાન ઊતરતું નથી તેઓ ઉલ્ટા લટકતા ચામાચીડિયા જેવા છે. તેઓ કલ્પનું આયુષ્ય લાખો વર્ષોનું અને ગીતાના ભગવાન દેહધારી માની લેવાને કારણે ભગવાનના અવતરણને જ માનતા નથી.

### તીડ

જેમ તીડનું ઝુંડ બીજાઓની ખેતીવાડીને સાફ કરી નાખે છે એની માફક જ્ઞાનવાન કાંઈ બીજાની કમાઈનું ખાતા નથી.

### ગધેડો

બાબા કહે છે કે ગધેડાને ગમે તેટલો શ્રૃંગાર કરો તો પણ તે ધૂળમાં આળોટી પડે છે તેમ કેટલાંક મનુષ્યો જ્ઞાનગુણોની ગમે તેટલી પણ સમજ આપો છતાં વિકારોરૂપી ધૂળથી લથપથ થઈ જાય છે.

### માયા અજગર

બાળકો, કદમ કદમ પર માયાથી સાવધાન રહેવા બાપનો હાથ અને સાથ કદિ નહિ છોડો, જો હાથ છોડી દેશો તો માયા અજગર વિકારોમાં જકડી લેશે.

### ગજગ્રાહ

જેવી રીતે હાથીને સ્વદર્શન ચક્ર દ્વારા માયારૂપી મગરની જકડમાંથી છોડાવ્યો તેવી રીતે બાબાની મહાનતાઓનું સ્મરણ કરતા રહો તો માયા મગર પકડી શકશે નહીં.સ

### હનીમૂન

દુન્યવી હનીમૂનમાં તો કામની ગર્તામાં પડી વધુ દૂષિત બનતા રહે છે. પરંતુ બાબા તો ચંદ્રમાંની શીતળતા અને મધની મીઠાશ કરતાં પણ વધુ મીઠા છે. તેથી દિલદિમાગ સહિત બાબાની સાથે બુદ્ધિયોગ જોડી પ્રસન્નતા પામો.

### શાસ્ત્રો

લોકો કહે છે કે બ્રહ્માકુમારીઓ શાસ્ત્રમાં માનતી નથી પરંતુ બાબા કહે છે અમે તો શાસ્ત્રોમાં કરેલી દેવી-દેવતાઓની અને પરમાત્માની ગ્લાનિને માનતા નથી અમે પવિત્ર બની દિવ્ય ગુણ ધારણ કરીએ છીએ.

### સન્યાસી

સન્યાસી તો ઘરબાર છોડી પત્નીને વિધવા બનાવી જંગલમાં ભાગી જાય છે. બાબા તો ગૃહસ્થમાં રહેવા છતાં જ્ઞાનયોગ દ્વારા સ્વર્ગ બનાવવાની શિક્ષા આપે છે.

### વિશ્વબંધુત્વ

લોકો ફક્ત કહેવા ખાતર કહે છે કે વિશ્વ એક પરિવાર છે, હિન્દી ચીની ભાઈ-ભાઈ છે. પરંતુ વાસ્તવમાં એક બીજાનું ખૂન કરતા પણ અચકાતા નથી. જ્યારે બાબા કહે છે કે સૌ આત્મા એક જ પિતાના બાળકો ભાઈ-ભાઈ છો, અને એક જ ઘરના વાસી છે. આત્મા-આત્મા ભાઈ-ભાઈ એજ રાજયોગની શિક્ષા છે.

### સાદુ જીવન, ઉચ્ચ વિચાર

નેતાઓના સફેદ પોષાકને લોકો સાદુ જીવન માને છે પરંતુ નેતાઓ પતનની ગહન ગર્તામાં ડૂબતા રહે છે. જ્યારે બાબા હંમેશા કહે છે - ન ઊંચ ઠાઠમાઠવાળા કપડાં પહેરો, ન એવું ખાઓ, ન એવા ભવ્ય નિવાસો બનાવો. જો સિમ્પલ, સ્વચ્છ, સુંદર રહીશું તો નિ:સંકલ્પ બની, ઊંચે તે ઊંચા બાપની યાદમાં રહી, ઊંચી સેવા દ્વારા ઉચ્ચ પદ પ્રાપ્ત કરીશું.

**॥ ઓમશાંતિ ॥**

# સ્વચ્છતા

## બ્ર.કુ. ગીતા ગજ્જર, ઉપલેટા

આપણે નૈતિક મૂલ્યોની ચર્ચા કરી રહ્યાં છીએ. તો એમાં આપણે આજે વાત કરીશું સ્વચ્છતાના ગુણની. સ્વચ્છતા એ એક એવો ગુણ છે કે જે માનવજીવનને ટકાવી રાખવા માટે ખૂબ જ અમૂલ્ય ગણી શકાય છે. જેને જીવનમાં ધારણ કરવાથી જીવન પણ ઊંચ બની જાય છે. તો આવો મિત્રો આપણે આ સ્વચ્છતાના વિષય ઉપર થોડો પ્રકાશ પાડીએ.

સ્વચ્છતા એ સર્વ મનુષ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. જેનાથી મનુષ્યનું તન-મન અને આખું જીવન સંપૂર્ણ રીતે સાર્થક બની જાય છે. તો જાણીએ શું છે આ સ્વચ્છતાની કરામત. સ્વચ્છતા અર્થાત્ સ્વમાં અચ્છાઈઓને ધારણ કરવી. અચ્છાઈમાં આંતરિક અને બાહ્ય બંને પ્રકારની અચ્છાઈઓને સમાવેશ કરી શકાય છે. સ્વચ્છતાને બે વિભાગોમાં વહેંચવામાં આવે છે. (1) મનથી સ્વચ્છતા અને (2) તનની સ્વચ્છતા...

પહેલાં આપણે મનની સ્વચ્છતા વિશે વિચારીએ. મનની સ્વચ્છતા એટલે કે આંતરિક, સૂક્ષ્મ સ્વચ્છતા. નયનોમાં પવિત્રતા અને સહુ કોઈ વ્યક્તિઓને માટે કરુણાભાવ, વાણીમાં મધુરતા, નમ્રતા અને સચ્ચાઈ સંગે જીવનમાં શ્રેષ્ઠતાપૂર્ણ કર્મ, મનમાં સર્વ માટે શુભભાવના, શુભકામના અર્થાત્ સંકલ્પમાં કે સ્વપ્નમાં પણ દરેક વ્યક્તિ માટે કલ્યાણની ભાવના. ચિંતનમાં સદા આખા વિશ્વમાં જે પણ ચૈતન્ય માનવીઓ છે તેના માટે અપનાપન અને ભાઈચારો અર્થાત્ વિશ્વબંધુત્વનો ભાવ અને વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાને જીવંત રૂપમાં કેળવવી. પણ એ અમારો પરિવાર છે. બેસહારા, અનાથ કે દુઃખી મનુષ્યો માટે દયા, લાગણી, પ્રેમ દાખવીએ. જે ઈશ્વરની સ્મૃતિ ત્યારે જ રહી શકે કે જ્યારે આપણું દિલ સાફ અને સ્પષ્ટ હોય. આપણા મનમાં જો કોઈ માટે નફરતની ભાવના, ઈર્ષ્યા, દ્વેષની ભાવના, વેર-ઝેરની ભાવના, કોઈના દિલને દુઃખાવવાની ભાવના, અપમાન કરવાની ભાવના, બદલો લેવાની ભાવના વગેરે જેવી દુર્ભાવનાઓ હોય તો તેવા હૃદયમાં ઈશ્વરનો વાસ થતો નથી. અણીશુદ્ધ સ્વચ્છતા પ્રભુને પસંદ છે. પ્રભુની મૂર્તિ જે મંદિરમાં રાખવામાં આવે છે તે મંદિરને પણ કેટલું બધું સ્વચ્છ રાખવામાં આવે છે, તો જે હૃદયમાં પ્રભુને સ્મૃતિ રૂપે વાસ કરવો હોય તે તેને તે કેટલું સ્વચ્છ ઈચ્છે.

કોઈ ચિંતકની ઈશ્વર માટેની ઊંચ વિચારધારા છે કે જે પ્રભુની સમીપતાનો અનુભવ કરાવે છે તે કહે છે, 'રજ માત્ર મલિનતા એ પ્રભુ સ્વીકારતા નથી, તેથી જ તો તે રોજ સવારે પુષ્પોને પણ ઝાકળથી ધુવે છે.' આમ પણ મનના વિચારોની જ અસર તન ઉપર થાય છે. શ્રેષ્ઠ જીવનશૈલીનો આધાર એ છે સરલ અને સકારાત્મક વિચાર, ભલે આપણાં મનમાં કોઈ માટે શુભ ભાવના છે કે ખરાબ ભાવના એની ખબર બીજા કોઈને નથી પડતી પણ આપણે સ્વયં અને બીજા ઈશ્વર એ બંનેએ વાતના સાક્ષી છીએ. તો મનની મલિનતા દૂર કરીએ. પાપકર્મોની સજાઓથી બચવા માટે મનને સ્વચ્છ બનાવીએ. તો આ હતા મનની સ્વચ્છતા માટેના વિચાર બિંદુઓ..

હવે આપણે તનની સ્વચ્છતા ઉપર વિચાર

(અનુસંધાન પેજ નં. 27 પર)

# પતિત પાવની ચૈતન્ય જ્ઞાન ગંગા

# આત્મઈન્દ્રા (ગંગે) દાદીજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન



હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન અને નાસિકના કુંભ મેળાઓમાં ભક્તિનું વિશાળ સ્વરૂપ જોવા મળે છે. વાસ્તવમાં આ કુંભમેળાઓ સંગમયુગમાં થતાં આત્મા પરમાત્માના રૂહાની મહા-મિલન મેળાની જ યાદગાર છે. કલ્પના અંતે, જ્ઞાનસાગર શિવ પરમાત્મા બ્રહ્માતનમાં અવતરે છે, ત્યારે બ્રહ્માના મુખકમળમાંથી પ્રગટ થયેલી બ્રહ્માકુમારીઓ જ જ્ઞાન ગંગા બનીને લોકોના મનને જ્ઞાનના જળથી પવિત્ર કરે છે. આ વિશ્વ-કલ્યાણકારી સ્નેહ સરિતાઓમાંની એક અનન્ય અને અદ્‌ભુત પવિત્ર ગંગા હતાં રાજયોગિની દાદી આત્મઈન્દ્રાજી. ભક્તિમાર્ગમાં એવું માનવામાં આવે છે કે ગંગામાં સ્નાન કરવાથી અનેક જન્મોના પાપ ધોવાઈ જાય છે, તેવી જ રીતે દાદીજીનાં પારસ સમાન સાનિધ્યમાં આવતા જ વિકારી વ્યક્તિની વિષય-વાસનાઓ પણ સહજ ધોવાઈ જતી, પળભરમાં મનોવિકારો નષ્ટ થઈ જતા અને તેમનાં સંગથી આત્માને પાપ-મુક્તિનો અનુભવ થતો હતો. જેવું નામ તેવું કામ એ અનુરૂપ સ્નેહરૂપી શુદ્ધ જળથી મેલા મનને સાફ કરી, પતિત વ્યક્તિને પાવન કરનાર ગંગેદાદી, ચૈતન્ય પતિત પાવની જ્ઞાનગંગા સિદ્ધ થયા, કારણ કે તેમને શિવપિતા તરફથી આ દિવ્ય વરદાન મળ્યું હતું.

દાદીજીનો લૌકિક જન્મ સન્ ૧૯૨૬માં સિંધ હૈદરાબાદમાં એક ધાર્મિક સંપન્ન પરિવારમાં થયો હતો, પિતા 'તુલસીદાસજી' એ પુત્રીનું નામ 'ગંગા' રાખ્યું હતું! પિતા શ્રી બ્રહ્માબાબા તેમને પ્રેમથી 'હર ગંગા' કહીને બોલાવતા હતા, જ્યારે બ્રહ્માવત્સો તેમને સ્નેહ અને આદરથી ગંગે દાદીજી નામથી સંબોધતા હતા. ગંગેદાદીજીને શિવપિતા પાસેથી અવ્યક્ત નામ મળ્યું 'આત્મઈન્દ્રાજી'. બાળપણથી જ તેમને ભક્તિનો શોખ હતો. સમય મળતાં જ તેઓ ભાગવત વાંચ્યા કરતાં. રાધે કૃષ્ણની દિવાની દાદીને સાચી ગોપિકા બનવાની તીવ્ર લગન હતી, આ જ પ્રભુપ્રીત તેમને ઓમ મંડળીમાં ખેંચીને લઈ આવી. કમલસુંદરી દાદીજીના આગ્રહથી બ્રહ્માબાબા પાસે સત્સંગમાં જતાની સાથે જ શ્રી કૃષ્ણના સાક્ષાત્કાર થયા અને મનમોહનનાં દિવ્ય દર્શને દાદીજીની દરરોજ સત્સંગમાં જવાની ઈચ્છાને તીવ્ર બનાવી દીધી. ૧૨ વર્ષની ઉંમરે જ તેઓએ બ્રહ્માબાબા દ્વારા ખોલવામાં આવેલ બાળકોનાં છાત્રાલયમાં પ્રવેશ લીધો. પરંતુ પવિત્રતાની ધારણાને ન સમજનાર સમાજના વિરોધીઓએ ઘણો વિરોધ કર્યો. તેમનો અતૂટ નિશ્ચય અને નશો જોઈ પિતાને લાગ્યું કે દાદા લેખરાજે તેમના પર કોઈ જાદુ કર્યો છે. તેથી એક સુરદાસ (અંધ વ્યક્તિ) પાસે ઝાડુ ફૂંકાવીને જાદુ દૂર કરવાનો પ્રયાસ કર્યો, તેમણે ઘણા મંત્રો વાંચ્યા, પરંતુ ઈશ્વરીય જાદુની સામે મનુષ્યનો જાદુ શું કરી શકે? છેવટે તેમણે દાદીજીની પ્રભુપ્રીતને મનોમન પારખી હાર સ્વીકારી લીધી. લૌકિક પિતાએ તેઓને છ મહિના સુધી ઘરની બહાર ન જવા દીધા. દાદી મુરલી વાંચતા, શાંત સમાધિમાં બેસતા તો તેઓ વિક્ષેપ ઉભો કરતા. પરમાત્મ પ્રેમના માર્ગમાં, સગા-સંબંધીઓએ વિરોધના ઘણા

શૂળ (કાંટાઓ) વિખેર્યા, પરંતુ તે પ્રભુકૃપાથી ફૂલ બની ગયા, કારણ કે દાદી તો પ્રભુપ્રીતના રંગમાં રંગાઈ ચૂક્યા હતા.

છ મહિના સુધી દાદી પાણી વગરની માછલીની જેમ, પ્રભુ મિલન માટે તડપતા રહ્યા. તેઓ શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ ગોપગોપીઓની વાર્તાઓ યાદ કરતા અને વિચારતા કે મસ્તાની ગોપીઓને જ્યારે સંબંધીઓ મુરલી સાંભળતા અટકાવતા ત્યારે શું તે સ્વજનોને વાંસળીની મીઠી મીઠી તાન સંભળાતી નહોતી કે પછી તેમને મધુર મુરલી કેમ રસદાર લાગતી ન હતી...? વગેરે વગેરે. પરંતુ ઓમ મંડળીમાં જ્ઞાન મુરલી સાંભળ્યા પછી જ તેમને સમજાયું કે તે સૌભાગ્યશાળી ગોપિકા બીજુ કોઈ નહીં પણ તે પોતે જ 'સાચી ગોપી' છે. અને આ નશાના કારણે જ્યારે લૌકિક સ્વજનો તેમને ડરાવતા ધમકાવતા, અત્યાચાર કરતા, તેમને ત્રાસ આપતા ત્યારે તેઓ પરમાત્મ યાદોમાં ખોવાઈને પોતાની મૌલાઈ મસ્તીમાં મસ્ત રહેતા. અચાનક એક દિવસ આફ્રિકાથી તેમના મોટા ભાઈ આવ્યા, તેમને બહેન પ્રત્યે ઘણો પ્રેમ હતો, તેથી વહાલી બહેનની દુર્દશા જોઈ ભાઈએ પિતાને કહ્યું કે સત્સંગમાં જવામાં કંઈ ખોટું તો નથી. આમ કહીને ભાઈએ બહેનને મુક્ત કરાવી. તેઓ ફરીથી જ્ઞાનામૃત પીવાનું શરૂ કર્યું.

કેટલાક દિવસો સુધી તો દાદીજીની આ આધ્યાત્મિક યાત્રા ચાલતી રહી, પરંતુ એક દિવસ માતાને વિચાર આવ્યો કે તેમના લગ્ન કરાવી નાંખીએ, જેથી તેમનું મન સત્સંગમાંથી હટીને સાંસારિક વાતોમાં લાગી જાય. પણ મન-વચન-કર્મથી પવિત્રતાનું વ્રત લઈ ચૂકેલા દાદીનાં દિલો-દિમાગ પર જ્ઞાન-મીરા બનવાની ધૂન સવાર હતી. જ્યારે તેમણે સ્પષ્ટપણે ઈનકાર કર્યો, તો પિતાએ ગુસ્સે થઈને તેઓને સાંકળોથી બાંધી અંધારી ઓરડીમાં પુરી દીધાં અને હાથોમાં હથકડીઓ પહેરાવી દીધી. ભૂખ્યા-તરસ્યા દાદી પ્રિયતમને આજીજી કરતા કે, 'પ્રભુ, તમે જ મારી રક્ષા કરો.' ત્યારે તેમને વાંસળી વગાડતા કૃષ્ણ કનૈયાના સાક્ષાત્કાર થયા. તેમણે એક અવાજ સાંભળ્યો, 'પ્રિય આત્મન, ડરશો નહીં, હું આવી ગયો છું.' આ સાંભળતાની સાથે જ તેઓ શરીરની સુધબૂધ ભૂલી ગયા, તેની ભૂખ-તરસ છીપાઈ ગઈ. ત્રણ દિવસ પછી પિતાએ દરવાજો ખોલી ગુસ્સામાં પૂછ્યું, 'હવે તો લગ્ન કરીશ ને?' પણ દાદીએ નિર્ભયતાથી કહ્યું, 'મરી જઈશ પણ લગ્ન નહીં કરું.' ત્યારે ક્રોધિત પિતાએ કહ્યું, 'તું હજુ સુધી બદલી નથી?' તો તેમણે કહ્યું, 'હું એટલી કાયર નથી, ગમે તેટલો ત્રાસ આપો, પણ પ્રભુ પ્રેમ માટે મેં ધીરજ અને સહનશીલતા શીખી લીધા છે.' આ સાંભળી ક્રોધી પિતાએ ફરીથી તેમને સાંકળોથી બાંધી દીધા. સંબંધીઓએ લાંબા સમય સુધી તેમના પર અત્યાચાર કર્યા, આ સમાચાર ઓમ મંડળી સુધી પહોંચ્યા તો દાદી પ્રકાશમણિ તેમને મળવા ગયા. પાડોશમાં દાદીના માસીના ઘરની ઉપર ભાડૂઆત રહેતા હતા, તેમની છત પર જઈ ચિમની (રોશની દ્વાર) દ્વારા પ્રકાશમણિ દાદી તેમની સાથે વાત કરતા અને દાદીને એવું લાગતું કે રામના અનુયાયી હનુમાન ગુપ્તરૂપે તે સાચી સીતાને શિવ(રામ)નો સંદેશ સંભળાવી રહ્યા છે. દાદી બે મહિના સુધી સાંકળોથી બંધાઈ રહ્યા. એટલામાં વિદેશથી તેમના બહેન આવ્યા. દાદીની હાલત જોઈને બહેન દુઃખી થયા અને પિતાને મનાવીને દાદીને પોતાના ઘરે લઈ ગયા. દાદી ફરી સત્સંગમાં જવા લાગ્યા.

પરંતુ એન્ટી ઓમ મંડળીના લોકોએ ત્યારબાદ માતાઓ-કન્યાઓના સંબંધીઓને ઉશ્કેરીને ભૂખ હડતાળ પર જવા માટે મજબૂર

કર્યા અને ઓમમંડળી પર કેસ કર્યો. ત્યારે બ્રિટિશ સરકાર પણ મૂંઝવણમાં પડી ગઈ કે માતાઓ અને બહેનો પર આટલા અત્યાચારો કેમ થઈ રહ્યા છે? ત્યારે તેમણે સમાધાન કરવા લોખંડના પ્રખ્યાત ઉદ્યોગપતિ 'શિવરતન ટાટા'ને મધ્યસ્થી બનાવી માતાઓ અને બહેનોને પૂછવા કહ્યું કે તેમને ઓમ મંડળીમાં શું મળે છે? તેમને સત્સંગમાં શું શિક્ષણ આપવામાં આવે છે? ત્યારે ત્યાં ત્રણ દિવસ રહીને મનોહરદાદી અને કમલસુંદરી દાદીજીએ તમામ પ્રશ્નોના વિગતવાર જવાબ આપ્યા અને સમજાવ્યું કે કેવી રીતે સ્વયં પરમાત્મા શિવ બ્રહ્મા તનમાં આવીને મનુષ્યમાંથી દેવતા બનવાનું જ્ઞાન આપી રહ્યા છે. ચોથા દિવસે ઘણી ચર્ચાઓ બાદ કોર્ટે નિર્ણય આપ્યો કે આ માતાઓ-બહેનો લોક-કલ્યાણ માટે નિમિત્ત બનેલી છે. તેમનો હેતુ ખૂબ જ શુદ્ધ છે અને દેવીઓની ભારતને ખૂબ જ જરૂર છે. તેમનો કોઈપણ રીતે વિરોધ કે રોકટોક ન કરવામાં આવે. આ સમાચાર તમામ અખબારોમાં પ્રકાશિત થયા. સાચે જ 'જેનાં સાથી હોય ભગવાન, તેમને શું રોકે આંધી અને તોફાન!' આ કથન મુજબ માતાઓ-બહેનોએ કોર્ટમાં જીત મેળવી, જેના કારણે દાદીજીને તેમનાં માતા-પિતાએ જ્ઞાનામૃત પીવાની ખુશીથી પરવાનગી આપી અને અંતે દાદીને તમામ બંધનોમાંથી મુક્તિ મળી.

પિતાશ્રી બ્રહ્માબાબા દાદીજીને કહ્યા કરતા કે, કન્યાઓએ ભીષ્મ પિતામહ પર બાણ માર્યા, એ જ રીતે તમારે આચાર્ય પંડિતો પર પણ જ્ઞાનના બાણ મારવા જોઈએ, તેથી બાબાએ આબુ આવ્યા પછી દાદીને સેવા કરવા મોકલ્યા. આબુ ફરવા આવેલા અધિકારી તરફથી ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીમાં પ્રવચન કરવાનું આમંત્રણ મળ્યું, ત્યારે ગંગેદાદી અને મનોહરદાદીની જોડીએ દિલ્હી જઈને ઈશ્વરીય સેવાઓનાં શ્રીગણેશ કર્યા. બાદમાં તેઓને ચાંદની ચોકનાં ગૌરીશંકર મંદિરમાં પ્રવચન આપવાનું આમંત્રણ મળ્યું. બાબાના આદેશથી, સ્વામી શિવાનંદના આમંત્રણ પર, તેઓએ ઋષિકેશ ખાતે 'વિશ્વશાંતિ સમ્મેલન'માં ભાગ લીધો. ત્યાર પછી દાદી બે મહિના કલકત્તામાં સેવાર્થ રહ્યા. તે પછી આ જ્ઞાનની ગંગા બનારસ અને અલ્હાબાદમાં લોકોને પાવન કરતી કરતી કાનપુર આવી. જ્યાં છેલ્લા શ્વાસ સુધી દધીચિ ઋષિની જેમ હાડકે-હાડકું આપ્યુ અને ઉત્તર પ્રદેશના ઝોન ઈન્ચાર્જ બની ઈશ્વરીય સેવાઓનો વિસ્તાર કર્યો. સાથે સાથે ધાર્મિક પ્રભાગના અધ્યક્ષ બની તેમણે ધાર્મિક જગતમાં પણ આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો.

કાનપુર ઝોન ઈન્ચાર્જ દિવંગત વિદ્યાદીદીએ દાદીના અંગસંગના તેમના અનુભવો આ રીતે વર્ણવ્યા છે, 'દાદી અમને દરેક વાતનું મૂલ્ય સમજાવતા હતા કે સોયનું પોતાનું મહત્વ હોય છે, તો તલવારનું પોતાનું! વ્યક્તિ હોય કે વસ્તુ, બધું જ મૂલ્યવાન હોય છે. જેટલુ મહત્વ મોટી વ્યક્તિને આપીએ છીએ તેટલું જ મહત્વ નાનાને પણ આપવું જોઈએ.' એક ભાઈ કટાણે આવતો હતો, તે માનસિક રીતે થોડો નબળો હતો, જે તન, મન અને ધનથી સેવા પણ કરતો ન હતો કે ન તો બરાબર ઊઠતો બેસતો, એટલે હું કહેતી, 'દયાશંકર, બરાબર બેસો', ત્યારે દાદી કહેતા, 'તેને એ જ વાત પ્રેમથી કહો', હું કહેતી, 'આ શું કામ આવશે?' તો દાદી કહેતા, 'સમય પર ખોટો સિક્કો પણ કામ આવે છે, માટે બધાની કદર કરો.' ત્યારે કાનપુરમાં સરદારજીના મકાનમાં આશ્રમ ભાડે હતો, તે દિવસોમાં જ્યારે ઈન્દિરા ગાંધીજીની હત્યા થઈ તો લોકોએ તે ઘર પણ (સરદારજીનું ઘર માનીને) સળગાવી દીધું. ત્યારે

કર્ફ્યુ લાદવામાં આવ્યો. અમે હોટેલમાં રોકાયા. સંરક્ષણ ખાતામાં સર્વિસ હોવાને કારણે દયાશંકરભાઈ પાસે પ્રમાણપત્ર હતું. સખત કર્ફ્યુ દરમિયાન કોઈ મદદ કરી શકતું ન હતું, ત્યારે દયાશંકરભાઈ સાયકલ પર દાળ-ભાત તો ક્યારેક મિલિટરી કેન્ટીનમાંથી જરૂરી વસ્તુઓ લાવતા હતા. આ રીતે એ સાધારણ લાગતો ભાઈ પણ સમયસર કામમાં આવ્યો અને દાદીજીની વાત મને સમજાઈ ગઈ.

દાદીજી કહેતા કે 'સમયની એક ક્ષણ અને અન્નનો એક કણ' ક્યારેય વેડફવો ના જોઈએ. તેઓ ભોજન બાદ વાસણો ધોયા પછી, તે પાણીને ગળણી વડે ગળાવતા અને વધેલા અન્નનાં કણોને પાંદડામાં લેવડાવી ઝાડના થડમાં રખવતા, જેથી તે ખોરાકના કણો કીડી-પક્ષી-ખિસકોલીના મોંમાં જાય. અન્નને દેવતા કહેવામાં આવે છે, તેથી તે ગટરમાં ન જવું જોઈએ. દાદી કહેતા, આપણે આપણા સંસ્કારો બદલવા આવ્યા છીએ, તેથી જો કોઈ આપણું અપમાન કરે અને આપણે પણ એવું જ કરીએ તો આપણા સંસ્કારો શ્રેષ્ઠ નહીં બને. કોઈ માતાનો પતિ વિરોધ કરે તો દાદી માતાને બદલે પતિની મહિમા કરી તેમનું મન બદલી નાંખતા. દાદી પરિવારને જોડીને તૂટવાથી બચાવતા હતાં. ' કમ ખર્ચ બાલાનશીન' નાં સંસ્કાર દાદીમાં કૂટી કૂટીને ભરેલા હતાં. અંતિમ સમયે જ્યારે તેઓ હોસ્પિટલમાં હતા ત્યારે પોતાના પર વધુ ખર્ચ કરવાને બદલે, દાદીએ અમને હોસ્પિટલમાં જરૂરી વસ્તુઓની પૂર્તિ કરવાનો નિર્દેશ આપ્યો.

દાદીનું જીવન ત્યાગ, તપસ્યા અને સેવાનો ત્રિવેણી સંગમ હતું. આ મહાન પ્રેમની મૂર્તિને મળીને સ્નેહ-અમૃત પીવાનું સૌભાગ્ય મને પણ પ્રાપ્ત થયું. તેમના સાનિધ્યમાં ચંદ્રની શીતળતાનો અનુભવ થતો હતો. તેમનો ચહેરો રૂહાની તેજથી હંમેશા ચમકતો રહેતો. મધુર અને મિતભાષી દાદીની રૂહાની દ્રષ્ટિમાં એક પળમાં પોતાના બનાવી લેવાનો જાદુ હતો. એ દિવસોમાં હું સિંધી લખતાં-વાંચતાં શીખ્યો હતો. દાદીને પ્રેમથી સિંધીમાં પત્ર લખતો, તો તેઓ ખૂબ જ સ્નેહથી વાંચતા અને વખાણ પણ કરતા. તેઓ સમયનાં ખૂબ જ પાબંદ હતા, પત્રનો જવાબ પણ તરત જ આપતા હતા. તેઓ એક ઓજસ્વી અસ્ખલિત વક્તા પણ હતા, તેમની વાણીમાં જોહર (શક્તિ) પણ હતી. સત્યતાની ઓથોરીટી અને રમણીકતાથી વિષયને એવી રીતે રજૂ કરતા કે શાસ્ત્રોની વાતો સરળતાથી સમજાઈ જાય. મજાક-મજાકમાં તેઓ કહેતા, 'જો રાવણને દસ માથા હતા, તો શું તે ફોલ્ડિંગ હતા?'

અનેક પતિત, દલિત, પીડિત લોકોનો ઉદ્ધાર કરી, અસંખ્ય નર-નારીઓનું ઉત્થાન કરતા કરતા આ સ્નેહ સરિતા પોતે સ્નેહ સાગરને મળવા નિકળી. ૮ ઓક્ટોબર ૨૦૦૪ના રોજ દેહ ત્યાગ કરી ચૈતન્ય પતિત પાવની જ્ઞાન ગંગા શિવપિતાની ગોદમાં સમાઈ ગઈ. આવા યજ્ઞનાં આદિ રત્ન દાદી આત્મઈન્દ્રાજીને તેમની પુણ્યતિથિ પર તેમનું પૂણ્યસ્મરણ કરી શ્રદ્ધાસુમન અર્પિત કરીએ છીએ, તેમને શત્ શત્ નમન કરીએ છીએ.

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ : બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

- **જાગૃત આત્માઓ સતત કહે છે કે નિયમ વિરુદ્ધ ગમે તેટલું ભટકી લો, ગમે તેટલું મેળવી લો, અંતે એક અધૂરપ જીવનમાં અનુભવશો.**

## દિવ્યદર્શન

# નવરાત્રિ પર્વ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ભારત દેશમાં શિવ-શક્તિઓની, ભક્તિ, પૂજા અને આરાધનાએ વર્ષોની એક પરંપરા છે. દર વર્ષે નવરાત્રિનું પર્વ મા અંબાની મહિમામય થઈને ભાવિક ભક્તો ખૂબ જ શ્રદ્ધાથી મનાવે છે. આ પર્વની શરૂઆતમાં જ માઁ ભક્તો ગરબાની સ્થાપના કરી, અખંડ દીપક પ્રગટાવે છે, જે નવ-નવ દિવસ સુધી રાત-દિવસ બળતો રહે છે. આ દિવસોમાં કન્યાનું પૂજન કરવામાં આવે છે. નિયમ પાળવામાં આવે છે અને જાગરણ, વ્રત-ઉપવાસ કરી દેવીઓની પૂજા કરવામાં આવે છે.

આ નવલી નવરાત્રીનાં નવ-નવ દિવસોમાં સંપૂર્ણ ભારતભરમાં ભાવિક ભક્તો ભક્તિની લહેરોમાં ઓત-પ્રોત થઈ જાય છે. આખી રાત જાગી ભક્તો ભક્તિના ગીતોનું પઠન કરે છે. દેવીઓને જગાડે છે અને સ્વયં પણ જાગે છે. નવ દિવસ ભક્તિના શોર-બકોર પછી પાછા પોતાના રોજીંદા વ્યવસાય, કારોબાર, ઘર-પરિવાર, સંસાર અને ફેશન, વ્યસન, વિકારોમાં લિપ્ત થઈ જાય છે.

આ દેવીઓની પૂજા કેમ કરવામાં આવે છે? તેમણે એવું તે શું કાર્ય કર્યું? આના માટે પુરાણોમાં અનેક કથા પ્રચલિત છે. તેનો સાર એવો છે કે, દેવતાગણ જ્યારે આસુરી અગુણોને અધીન થઈ ગયાં ત્યારે, શિવ આ દેવીઓને પ્રગટ કરી અસુરોનો સંહાર કર્યો અને દેવોનો ફરી ઉધ્ધાર કર્યો. આ કારણે એમની પૂજા થાય છે.

આમ તો માં દુર્ગા, માં કાળી અને માં સરસ્વતીનું જ મુખ્ય સ્વરૂપે ગાયન પૂજન છે. પરંતુ ઘણા સ્થાનો ઉપર નવ દેવીઓનું પણ પૂજન થાય છે. ગુજરાતમાં તો વિશેષ નવ દેવીઓનું પૂજન થાય છે. તે બધી દેવીઓના વાહન જુદા-જુદા હોય છે. ગુજરાતમાં જગતઅંબાની વિશેષ રૂપે પૂજા થાય છે. જુદા-જુદા ક્ષેત્રોમાં જુદી-જુદી દેવીઓની માન્યતા છે. કોણ હતી આ દેવીઓ? તે ક્યારે પ્રગટ થઈ? તેમને શિવશક્તિ કેમ કહેવાય છે? કન્યા પૂજન, કળશ સ્થાપના, જાગરણ, વ્રત-નિયમ વગેરેનું રહસ્ય શું છે? તેની આપણે સંક્ષિપ્તમાં ચર્ચા કરીશું.

સૌ પહેલાં આપણે એ જાણવું અતિ આવશ્યક છે કે, દેવતાઓ ક્યારે હતાં અને ક્યાં હતાં? ઉપર સ્વર્ગલોકમાં દેવતાઓ હતાં? કે દાનવો નીચે નર્કમાં રહેતા હતાં. પરંતુ આ સત્ય નથી. જો તેવું હોય તો દાનવો સ્વર્ગમાં દેવતાઓ સાથે લડવા કેવી રીતે જઈ શકે? સત્ય તો એ છે કે, સતયુગ-ત્રેતાયુગને સ્વર્ગ અને દ્વાપરયુગ-કળિયુગને નર્ક કહે છે. દેવતા સતયુગી મનુષ્ય જ હતાં, જ્યારે મનોવિકાર અર્થાત્ કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારને દાનવો કહેવાય છે. સતયુગથી દેવતાઓ જન્મ લેતા-લેતા ત્રેતાયુગનાં અંતમાં આવ્યા ત્યારે તેઓ મનોવિકારોથી ગ્રસિત થયાં અને સાધારણ મનુષ્ય બની ગયા. તેમનું દેવત્વ સમાપ્ત થઈ ગયું. પુનઃ જન્મ લેતા-લેતા જ્યારે આ બધી દેવ આત્માઓ કળિયુગના અંતમાં પહોંચી અને દુઃખી થઈને પરમાત્માને પોકારવા લાગી ત્યારે નિરાકાર સર્વશક્તિવાન પરમાત્મા પ્રજાપિતા બ્રહ્માના મનુષ્ય તનમાં આ સૃષ્ટિ ઉપર અવતરિત થયાં.

પરમાત્મા ધરતી ઉપર અવતરણ કરી

જ્ઞાનનો કળશ કન્યાઓને આપ્યો જેની યાદગાર રૂપે આ તહેવારે લોકો પોતાના ઘરોમાં કળશ (કુંભ-ઘડો) સ્થાપિત કરે છે. તે માતાઓ બહેનોએ સંપૂર્ણ પવિત્રતાનું વ્રત લઈ સમસ્ત વિશ્વમાં ઈશ્વરીય જ્ઞાનનો ફેલાવો કર્યો. આ કન્યાઓએ સર્વશક્તિવાન શિવ પાસેથી રાજયોગ દ્વારા સમસ્ત શક્તિઓ પ્રાપ્ત કરી. જે મુખ્ય આઠ પ્રકારની શક્તિઓ છે. તેથી જ દુર્ગા દેવીને અષ્ટ ભુજાધારી દર્શાવી છે. તેમણે શિવ દ્વારા શક્તિઓ પ્રાપ્ત કરી જેથી તેમને શિવ શક્તિ કહે છે. આ શક્તિઓએ જ્ઞાન અને યોગબળ દ્વારા બધા દેવતાઓને દાનવ અર્થાત્ મનોવિકારોથી મુક્ત કર્યા તેના જ આધ્યાત્મિક વૃતાંત પુરાણોમાં દર્શાવ્યા છે. શક્તિઓને અષ્ટ ભુજાધારી, કમલ આસનધારી, વિભિન્ન વાહનો પર સવારી બતાવી છે. વાસ્તવમાં આવા કોઈ વાહન હતાં નહીં પરંતુ તેનું આધ્યાત્મિક રહસ્ય છે દુર્ગાની સિંહ ઉપર સવારી છે જે તેના અત્યંત શક્તિશાળી સ્વરૂપ હોવાનું સૂચક છે.

ભક્તો દર વર્ષે દેવીઓને જગાડે છે પરંતુ પોતે તો અજ્ઞાન નિંદ્રામાંથી જાગતા જ નથી. દેવીઓ હવે ફરીથી જ્ઞાન કળશ પ્રાપ્ત કરી ચૂકી છે. તો હવે ભક્તોએ પણ આ દેવીઓ પાસેથી જ્ઞાનામૃતનું રસપાન કરવું જોઈએ. ફક્ત ભોજનનું વ્રત જ દેવીઓનો પ્રસન્નતાનો આધાર નથી. હવે તો સમય છે સ્વયંને દેવી બનાવવાનો. સ્વયંમ્‌ની અંદર રહેલ અસુરને હરાવી પુનઃ દેવત્વ પ્રાપ્ત કરવાનો. અત્યારે તે સમય ફરીથી આવ્યો છે. જ્યારે પરમાત્મા શિવશક્તિઓ દ્વારા અસુરો પર વિજય પ્રાપ્ત કરાવી રહ્યા છે.

દેવીઓની પૂજા તો દર વર્ષે કરી હવે સ્વયં દેવી બનવાનો વિચાર કરીએ. પરમપિતા પરમાત્મા આ સૃષ્ટિ પર અવતરિત થઈને કન્યાઓ અને માતાઓનું આહ્‌વાન કરી કહે છે કે, 'હે દેવીઓ હવે જાગો, અજ્ઞાન નિંદ્રાનો ત્યાગ કરો, જ્ઞાનસૂર્ય ઉદય થયો છે, તમારે આ સૃષ્ટિ પરથી અસુરોના આધિપત્યને સમાપ્ત કરવાનું છે. તમારા જ્ઞાન અને યોગના દિવ્ય અસ્ત્ર-શસ્ત્ર સંભાળો.'

આવો આ નવરાત્રિના પર્વને આપણે બધાં અલૌકિકતાથી મનાવીએ. કોઈ વિકારોને છોડવાનું વ્રત લઈને, કોઈ પાપનો ત્યાગ કરવાનું વ્રત લઈ શકે, કોઈ વ્યસનોને છોડવાનું, કોઈ માંસાહાર અને મદીરા છોડવાનું વ્રત લેશે ત્યારે તો આ વર્ષની નવરાત્રિ આપણા માટે શુભરાત્રિ કે શુભદિન બની જશે.

નવ (૯) રાતો સુધી જાગરણ કરવાને બદલે નવ (૯) વાતોનું નવું જ્ઞાન મેળવી લઈએ. તો તે નવ વાતો કઈ-કઈ છે? હું કોણ છું? ક્યાંથી આવ્યા છીએ? મુક્તિ શું છે? પરમાત્મા કોણ છે? તેમનું ધામ કયું છે? રાજયોગ શું છે? સંસાર શું છે? ભગવાન સાથે આપણો સંબંધ શું છે? આ નવ (૯) રહસ્યોને જાણવાથી આપણી અંદરનો અંધકાર સંપૂર્ણ સમાપ્ત થઈ જશે, તમે સદા જાગૃતતાની અવસ્થામાં આવી જશો. તમારો આત્મદીપ સદા પ્રકાશિત રહેશે. બીજી દેવી-દેવતાઓનું પૂજન તો દર વર્ષે આપણે કરતાં આવ્યાં. હવે સમય આવી ગયો છે સ્વયંને પૂજનીય બનાવવાનો. તો ચાલો આ નવરાત્રિનું પર્વ આપણાં સૌ માટે વરદાન સાબિત થઈ જશે.

**॥ ઓમશાંતિ ॥**

- **જે યાદગાર બની જાય તેવાં કર્મ કરવાનાં છે. મારી ખાત્રી છે કે દરેક કર્મથી સર્વને ખુશી આપવાની છે, ખુશી લેવાની છે. દુઃખ આપવું પણ નથી દુઃખ લેવું પણ નથી.**

# નશામુક્ત ભારત અભિયાન

## બ્ર.કુ. સેન્ટર ન્યુ જગન્નાથ, રાજકોટ

બીડી સીગરેટ જે પીવે, મોતની નીંદર તે સૂવે, મસાલો ગલોફે જે ભરાવે કેન્સર તેને સેવડાવે

વ્યસનો વર્ષો સુધી કાતિલ ઝેર ધોળ્યા પછી કેન્સર જેવા રોગો ન થાય તો નવાઈ જ નહીં.

આ ધરા પર જીવસૃષ્ટિનો વસવાસ થયેલો છે. આ જીવસૃષ્ટિમાં મનુષ્ય જીવન, પ્રાણી જીવન અને વનસ્પતિ જીવનનો સમાવેશ થાય છે. આ ત્રણેય જીવસૃષ્ટિ એક બીજા પર આધારિત છે. મનુષ્ય જીવનમાં માનવીનો સમાવેશ થાય છે. માનવ એ સામાજિક પ્રાણી છે. સમાજમાં રહી તે પોતાનું, કુટુંબનું, સમાજનું, ગામનું આજ રીતે આગળ જતાં દેશનું ઘડતર કરે છે.

આજે આપણે જોઈએ છીએ કે આપણા સમાજમાં ઘણાં બધા દૂષણો ફેલાયેલા છે. ઘણા બધા કુરિવાજો, કુટેવો, ભ્રષ્ટાચાર વગેરે અનેક જગ્યાએ, અમુક રીતે ફેલાયેલા જોવા મળે છે. આજનો માનવી સમયની સાથે તાલ મિલાવીને કાર્ય કરે છે. ઘણી વખત આવું કરતાં જતાં તે થાકી જાય છે. કંટાળી જાય છે. તેના માથે જવાબદારી વધી ગઈ છે. પોતાના ઘર, કુટુંબ, પરિવારનું ભરણપોષણ કરવી તેને સમાજમાં આગળ લાવવા માટે તે સતત મહેનત કરે છે. આમ કરતાં તે ક્યારેક વ્યસનનો ભોગ બની જાય છે. દા.ત. એક માનવી દિવસભર મહેનત મજૂરી, નોકરી કરીને સાંજે થાક ઉતારવા બીડી, સિગારેટ, તમાકું સેવન કરે છે. ક્યારેક દારૂ પીવા લાગે છે. તેમ કરતાં તેને એમ લાગે છે કે તેનો થાક ઉતરી સેવન જાય છે. એક, બે, ત્રણ દિવસ એમ ધીરે તે વ્યસની બની જાય છે. કોઈક મનુષ્ય કોઈક માનસિક તણાવથી મુક્ત થવા વ્યસનનો આશરો લે છે.

આમ મનુષ્ય એ જન્મથી જ વ્યસની હોતો નથી. તે સમય, સંજોગોને અધિન વ્યસનનો આશરો લે છે. અપવાદ રૂપે કોઈક કુટુંબમાં મોટા વડીલોને તમાકું, બીડી, સિગારેટ, દારૂ વ્યસનો કરતાં જોઈ નાના બાળકોને નાનપણથી જ તેનો વારસો મળે છે. મા, બાપ, અભણ, નિરક્ષર હોવાથી તેને રોકી શકતાં નથી.

ક્યારેક આપણા જીવનમાં સંઘર્ષ, દુઃખ, કલેશ આવે છે. તેનાથી દૂર થવા-બચવા મનુષ્ય વ્યસનનો આશરો લે છે. વ્યસનના નશામાં ડૂબી જઈ ઘડીભર માણસ તેના દુઃખને ભૂલી જવા મથે છે. કેટલાક લોકો ઘડી બે ઘડી આનંદ લૂંટવા પણ વ્યસનનો આશરો લે છે. હકીકતમાં વ્યસનથી નથી દુઃખ જતું કે નથી મળતુ સુખ. વ્યસન વધારે દુઃખ આપનાર છે. સુખ ઝૂંટવી લેનાર નશો છે. તેનાથી માણસ બરબાદ થાય છે. કદી આબાદ થતો નથી. તેની પાછળ પૈસા વેડફે છે. તબિયત બગાડે છે. ખૂબ દુઃખી થાય છે. છેવટે મૃત્યુને વહેલું બોલાવે છે.

આમ વ્યસન મનુષ્ય માટે કલંક રૂપ સાબિત થાય છે. આજકાલ નાના ફૂલ જેવા કોમળ ભૂલકાઓ પણ તમાકું, ચુનો, પાન-મસાલા, ગુટકાનો બંધાણી બનવા માંડ્યા છે. ફક્ત શહેરોમાં જ નહીં. નાના ગામડાઓના બાળકો પણ ચોરી છુપીથી આનો શિકાર બનવા લાગ્યાં છે. અને શરમની વાત તો એ છે કે છોકરીઓ પણ હવે આ વ્યસનની શિકાર બનવા લાગી છે.

વ્યસન એ મનુષ્ય જીવન માટે ઝેરી રસાયણ

છે. પશ્ચિમનાં દેશોમાં વ્યક્તિ શરીરનાં અસ્તિત્વ માટે ઠંડા વાતાવરણથી બચવા માટે દારૂનું સેવન કરે છે. પરંતુ એ દારૂ ભારત જેવા દેશમાં અતિશય નુકશાન કર્તા સાબિત થાય છે.

આજનું આ યુવાન રૂપી રાક્ષસનાં સકંજામાં ઝડપાઈ જઈ યુવાન ડોસા બની જાય છે. મનુષ્યને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું હોય, સારું જીવવું હોય તો આવા વ્યસનોથી દૂર રહેવું જ બહેતર છે. હવે સમાજમાં બેકારી પણ વધી ગઈ છે. અને તેથી બેકારો અંતે શિકાર થઈ જાય છે. આમ એક મિત્રની સંગત બીજા મિત્રોને પણ બગાડે છે.

વ્યસન ઘણાં પ્રકારનાં છે. બીડી - ધૂમ્રપાનનું વ્યસન, દારૂ - ઠંડા પીણાનું વ્યસન આવા અનેક પ્રકારનાં ઘણાં બધા વ્યસનો આપણને જોવા મળે છે. કહેવાય છે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ.

ઉદાહરણ. એક લીમડાનું વૃક્ષ છે. પ્રથમ કઠિયારાની નજરે પડે છે. તો તેને કાપીને વેચવાનો વિચાર આવે છે. એક સુથારને તે વૃક્ષમાંથી સારા બારી-બારણા, ફર્નિચર બનાવવાનો વિચાર આવે છે. એક ચિત્રકાર તેને પોતાના રંગથી સજાવવા માંગે છે. લેખકને તે વૃક્ષના મહત્ત્વ પર લેખ લખવાનો વિચાર આવે છે. આમ દરેક વ્યક્તિ પોત પોતાના સ્થાને તે વૃક્ષ વિશે વિચારે છે. તો વ્યસનનું પણ કંઈક આવું જ છે. આપણે જાણીએ છીએ કે પ્રભુએ આપણને આ મહામૂલો મનુષ્ય અવતાર આપ્યો છે. તેમાંય સુખ-સંપત્તિ બક્ષી છે. મનુષ્ય સામાજિક સંબંધોનાં રીત-રિવાજોમાં ખોવાઈ જાય છે. જેનાથી પર રહીને સુખમય જીવન, આનંદમય જીવન, આશામય જીવન, અમૃતમય જીવન, ઈશ્વરમય જીવન, જીવવું હોય તો વ્યસનનું આગમન આપણાં આંગણે કદી પણ આવા દેશો નહીં. વ્યસનને નિવારવા શિક્ષણ જરૂરી છે. કુદરતે બક્ષેલું આ જીવન ફક્ત જેમતેમ જીવવા માટે નથી. દરેક વ્યક્તિ તે જીવે છે. પરંતુ કેવી રીતે જીવન જીવવું તે અગત્યનું છે. સારું જીવન જીવવા ર્નિવ્યસની બનવું જરૂરી છે. સારું જીવન જીવવા ભગવાન આપણને નિર્વ્યસની બનાવે છે.

વ્યસન કરવાથી ઘણાં બધાં રોગો થાય છે. જેમ કે ઉધરસ, તાવ, શરદી, લ્યુપસ, ઈરોથોમેટ્સ, વાળ ખરી પડવાં, મોમાં ચાંદા પડવા, મોતિયો આવવો, ચામડી પર કરચલી પડવી, શ્રવણશક્તિ ઘટવી, ફેફસાના રોગો, દાંતનો સડો, ચામડીનું કેન્સર, હાડકાં પોલા થવા, હૃદયરોગ, હોજરીમાં ચાંદા પડવા, સ્ત્રીઓમાં ગર્ભાશય, ગર્ભાશયના મુખનું કેન્સર, નપુંસકતા, લોહીની નળીઓનાં રોગ જેવાં રોગો થાય છે. ભારતમાં દર વર્ષે અંદાજે 11 કરોડથી પણ વધારે રૂપિયાની સિગારેટ પીવાય છે. દર વર્ષે 11 લાખ ટન તમાકુવાળી પાનની પિચકારી ભરાય છે. તો તેની સામે થતાં રોગોની બરબાદી પાછળ પણ રોજ એટલા જ રૂપિયા ખર્ચાય છે. જેથી ભારત દેશની યુવાની નહીં પણ કાયરતાના દર્શન થાય છે.

સમગ્ર યુવા ધનને આવા વ્યસનો પાછળ અઘધ રૂપિયા વેડફતું રહે છે. વ્યક્તિ પાપ કરે તો એકલા ને જ ખતમ કરે છે. અને બરબાદ કરે છે પણ વ્યસન તો આખા પરિવારને ખતમ કરે છે. બરબાદ કરી નાંખે છે.

ભૂલ કરવા માટે કોઈ સમય સારો નથી અને થઈ ગયેલી ભૂલને જો સુધારી લેવી છે તો કોઈ સમય ખરાબ પણ નથી. આજ આપણી ભીતરમાં તપાસ કરી સારું સંગ્રહ કરવાની જરૂર છે. આજે વ્યસનમાંથી મુક્ત થવાની જરૂર છે. કચરાના ઢગલામાં વચ્ચે સોના મહોર જોતાં જ ઉઠાવીએ. પોતાનું જીવન બચાવીએ. અત્યારે નહીં તો પછી

**(અનુસંધાન પેજ નં. 24 પર)**

# તૂફાં આયે તો આને દો... બાબા જો તેરા સાથ હો...

બ્ર.કુ. રેણુકા, છાપી (પાલનપુર) ગુજરાત



તા. 16, જુલાઈ 2020ની ઢળતી સંધ્યાએ લગભગ 06.00 વાગ્યાના સુમારે અમદાવાદની સ્ટરલીંગ હોસ્પિટલના ત્રીજા માળે એક સ્પેશ્યલ રૂમનો દરવાજો ખૂલે છે. બહારથી જ એક ડોક્ટર અવાજ આપીને મારી સાથે બેઠેલી બેનને બહાર બોલાવી એના કાનોમાં કંઈક કહે છે. એ બેને અંદર આવીને ડોક્ટરની કહેલી વાત સંભળાવતાની સાથે જ મારી સાથે બેઠેલા, ખુશી-ખુશીથી વાતો કરતાં અન્ય ત્રણ લોકો એકદમ શાંતિથી મને રૂમમાં એકલી છોડીને બહાર નીકળી ગયા. રૂમમાં એક ક્ષણ માટે સન્નાટો છવાઈ ગયો.

જી હાં મારું નામ બી. કે. રેણુકા, મહેસાણા, ગુજરાતમાં 1973થી બાળપણથી જ બાબાએ મારો હાથ પકડ્યો છે. મારો લૌકિક જન્મ 1970માં એક મધ્યમ સાધારણ પરિવારમાં થયો હતો. પરિવારમાં મારા દાદી, માતા-પિતા, બે મોટા બહેનો, એક મોટાભાઈ અને એક નાનો ભાઈ બધા જ 1973થી જ્ઞાનમાં ચાલતાં હતાં. ત્યારબાદ અમે ત્રણ બહેનો અને એક નાનો ભાઈ બાબાના બેહદ યજ્ઞમાં સમર્પિત રૂપે સેવા આપવા લાગ્યા. માત્ર મોટા ભાઈએ પોતાનો પરિવાર વસાવી લીધો. અમને ત્રણે બહેનોને બાબાએ સેવાકેન્દ્ર સંચાલિકા તરીકે સેવામાં નિમિત્ત બનાવ્યા. બાળપણથી લઈને છાપી (પાલનપુર) સેવાકેન્દ્રના સંચાલિકા બનવા સુધીની, જ્ઞાન-યોગ-સેવામાં મસ્ત એવી, મારી જીવનયાત્રા નાની-મોટી બીમારીઓને પાર કરતાં, માખણમાંથી વાળની જેમ સરળ રહી. પરંતુ કોરોનાકાળ દરમિયાન 3 જુલાઈ 2020ના રોજ મને બ્રેસ્ટ કેન્સર ડીટેક્ટ થયું. કેન્સર થર્ડ સ્ટેજ પર હોવાના કારણે ઓપરેશન કરવું જરૂરી બની ગયું. બાબાએ મારા મનને ડગમગ થવા ન દીધું. આ પરિસ્થિતિને પાર કરવા માટે હું ખુશી-ખુશીથી અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલમાં એડમીટ થઈ. મારા મનમાં કોઈ પણ પ્રકારની હલચલ ન હતી.

પરંતુ 16 જુલાઈની સાંજે જ્યારે મારા રૂમમાંથી બધા નીકળી ગયા હતા. એકલી જ હતી. સન્નાટો છવાયેલો હતો કેમકે પૂરી દુનિયાને હચમચાવનાર, દુનિયાએ ક્યારેય વેઠી ન હોય તેવી મહામારી - કોરોનાનો મારો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ મારા જીવનનું સૌથી મોટું તોફાન હતું. કારણ કે એક તરફ કેન્સર થર્ડ સ્ટેજ પર હોવાથી ઓપરેશન કરવું ખૂબ જ જરૂરી હતું. તો બીજી તરફ કોરોના પોઝીટીવ હોવાના કારણે ડોક્ટર્સ ઓપરેશન કરી શકે એમ ન હતા. મારે માટે બંને કિનારે મોત હતું. જો ઓપરેશન ન થાય તો કેન્સર તેજીથી વધી જાય એમ હતું અને બીજી બાજુ કોરોનાના કારણે ઓપરેશન પણ શક્ય ન હતું. હવે મારે બંને મહામારી સામે લડવાનું હતું. તોફાનની ઉપર મહાતોફાન ઉભું થઈ ગયું. હોસ્પિટલના નિયમોના કારણે મારે તાત્કાલિક કોરોના હોસ્પિટલમાં શીફ્ટ થવું પડ્યું. ડોક્ટરોએ કહ્યું કે જ્યારે આપનો કોરોના નેગેટીવ આવશે ત્યારે આપનું ઓપરેશન થશે.

17 જુલાઈ 2020ની સવારે અમદાવાદ, મહાદેવનગરના આદરણીય ચંદ્રિકાદીદી અને મહેસાણાના આદરણીય સરલાદીદીની ખૂબ મહેનત બાદ હું અમદાવાદમાં જ એક કોરોના

હોસ્પિટલમાં એડમીટ થઈ. હોસ્પિટલ વગેરેની શિફ્ટીંગ દરમિયાન મોટા બેનો સાથે સંયોજન કરી. આ કઠીન અને ભયાવહ પરિસ્થિતિમાં દરેક વ્યવસ્થામાં નીડર બનીને મારો સાથ નિભાવી રહ્યા હતા પાલનપુર સેવાકેન્દ્રના બી.કે. ભાવિકાબેન. અહીં એક બીજી પરિસ્થિતિ ઉભી થઈ. હોસ્પિટલના નિયમો અનુસાર બહારથી કોઈ પણ ખાણું અંદર લઈ જવાની સખત મનાઈ હતી. મારા માટે સેવાકેન્દ્ર પરથી જમવાનું હોસ્પિટલની અંદર જવા માટે અમારી આ બંને મોટી બહેનોએ લાખ કોશિષ કરી પરંતુ હોસ્પિટલના નિયમો અનુસાર એ શક્ય બન્યું નહીં. આખરે બંને મોટા બહેનોએ મને ફોન પર કહ્યું કે હવે બાબાને યાદ કરીને હોસ્પિટલનું જમવાનું જમી લેજે. હું નિરાશ થઈને શાંત થઈ ગઈ. કારણ કે જમવાનું ન લઉં તો ઈમ્યુનિટી ઓછી થઈ જાય અને બાળપણથી બહારના કોઈના હાથનું પાણી પણ પીધું ન હતું તો ખાવાનું તો કેવી રીતે ખાઈ શકતી હતી. બાબાની આ ધારણાને કેવી રીતે તોડી શકતી હતી. હોસ્પિટલનું બનેલું ખાવાનું મારી સામે આવી ગયું. વિચાર્યું કે મરવાનું પસંદ કરીશ પરંતુ બહારનું ખાવાનું પસંદ નહીં કરૂં.બાબાની સામે જોઈ ખાવાનું બાજુમાં રાખી દીધું. રડતાં રડતાં બાબાને યાદ કરતાં ભૂખ્યા પેટે સૂઈ ગઈ. એવું લાગતું હતું કે બાબા મારી અગ્નિ પરીક્ષા લઈ રહ્યા છે. સાંજે 5.00 વાગ્યે આદરણીય ચંદ્રિકાદીદીનો ફોન આવ્યો કે હોસ્પિટલે હવે તારા માટે સેવાકેન્દ્ર પરથી ખાવાનું મોકલવાની છુટ્ટી આપી દીદી છે. હું જમવાનું મોકલી રહી છું. હું ખુશીથી નાચી ઉઠી, જાણે કે હવે બાબા દરેક પરિસ્થિતિ રૂપી કાંટાળા રસ્તા પર મારા માટે ફૂલોની ચાદર પાથરી રહ્યા હતાં.

હવે બીજી એક લડાઈ મારા મનમાં ચાલી રહી હતી. મને જે રૂમ મળ્યો હતો તેમાં બીજા 7-8 કોરોનાના દર્દીઓ પણ હતા અને 15 દિવસ સુધી મારે ત્યાં રહેવાનું હતું. પણ મને એક રાત ત્યાં ગુજારવી પસંદ ન હતી. એક ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિના માધ્યમથી બંને મોટી બહેનોએ ત્યાંથી નિકાળવામાં ખૂબ જ મહેનત કરી અને અંતમાં બાબાએ એમાં સફળતા પણ અપાવી. બધી જ ડીસચાર્જની પ્રક્રિયા પૂરી કરી પાલનપુર સેવાકેન્દ્ર પર રાત્રે બે વાગે પહોંચી. અહીં બીજા 21 દિવસ સુધી હોમ ક્વોરન્ટાઈનમાં રહેવું પડ્યું. એ દરમિયાન મારી તબિયત ખૂબ જ ખરાબ થવા લાગી પણ કોઈને કાંઈ જ કહ્યુંનહીં પરંતુ બાબાને કહ્યું કે જેવી આપની ઈચ્છા. તારા ફૂલોથી પણ પ્યાર અને તારા કાંટાથી પણ પ્યાર. ત્યારે દવાની સાથે-સાથે યોગનો પ્રયોગ પ્રારંભ કર્યો. દરરોજ સાંજે 6.30 થી7.30 લક્ષ્ય લઈને બેસતી હતી કે હું એક શક્તિશાળી વિજયી આત્મા છું. બાબાથી શક્તિશાળી કિરણો લઈ કેન્સર અને કોરોના પર એનો પ્રયોગ કર્યો. કમાલ હતી બાબાની કે યોગ કર્મભોગ પર વિજય પ્રાપ્ત કરાવ્યો. કોરોના ભાગી ગયો અને કેન્સર થર્ડ સ્ટેજથી આગળ ન વધ્યું. એવું લાગી રહ્યું હતું કે હિંમતનું એક કદમ મારું અને હજાર ગણી મદદ બાબાની મળી. 07 ઓગસ્ટ, 2020ના રોજ મારો કોરોના રીપોર્ટ નેગેટીવ આવ્યો અને હું હોમ ક્વોરન્ટાઈનમાંથી બહાર આવી ગઈ. મારું કેન્સરના ઓપરેશનનું બાકી રહેલું કાર્ય તારીખ 13 ઓગસ્ટ 2020ના રોજ નારાયણી હોસ્પિટલ, અમદાવાદમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું.

પરંતુ મારી આ પરિસ્થિતિના સમાંતર મારા લૌકિક પરિવારમાં લૌકિક માતાજી, મોટા ભાઈ અને ભત્રીજો ત્રણેય કોરોના સામે લડી રહ્યા હતા. મેં અંદરથી બાબાને કહ્યું કે બાબા મને મારા અને

મારા પરિવારના પેપરમાં પાસ થવું જ છે. હવે હું શું કરું? મને રસ્તો બતાવો. એટલામાં બાબા સામે આવ્યા, મારા માથા પર હાથ ફેરવ્યો. હાથ રાખતાની સાથે જ મેં મહેસૂસ કર્યું કે હું રૂહ (આત્મા) આ દુનિયામાંથી ક્યાંક જઈ રહી છું. બાબા સામે પુષ્પક વિમાન લઈને આવ્યા. એમાં મને બેસાડી. મારી સાથે 5-7 બીજા લોકો પણ હતાં. જેમાં મારા લૌકિક માતાજી પણ હતાં. બાબા અમને બધાને ખૂબ દૂર-દૂર લઈ ગયા. જેવા પુષ્પકમાંથી નીચે ઉતાર્યા બધા નાના બાળકો બની ગયા. મેં માતાજીને પૂછ્યું કે તમે નાના કેવી રીતે બની ગયા? તમારે તો હજુ ઘણી સેવા કરવાની છે. માતાજીએ જવાબ આપ્યો કે બાબાએ કહ્યું કે હું નાની બાળક બની ગઈ. બાકી બધાને છોડીને બાબા પુષ્પકમાં બેસાડી મને પાછી લઈ આવ્યા. જાણે કે આત્મા આ શરીરમાં પાછી આવી ગઈ. આંખ ખૂલી તો બાબા સામે હતાં અને મને ખૂબ શક્તિઓ આપી. બાબાએ આ રીતે મને મહેસૂસ કરાવ્યું કે હવે મને કશું જ થવાનું નથી. પરંતુ મારા લૌકિક માતાજી થોડાક દિવસના જ મહેમાન છે. મારા ઓપરેશનના પહેલાં જ 10 ઓગસ્ટ 2020ના રોજ માતાજીએ લૌકિક દેહનો ત્યાગ કર્યો. ત્યાં સુધી મોટા ભાઈ અને ભત્રીજો કોરોનાથી બહાર આવી ગયા હતા.

પછી નક્કી કરેલી તારીખ 13 ઓગસ્ટના રોજ મારું કેન્સરનું સફળ ઓપરેશન થયું. અહીં આશ્ચર્યની વાત એ હતી કે 21 દિવસ ઓપરેશન મોડું થયા છતાં કેન્સર સ્પ્રેડ થયું નહીં. ઓપરેશન પછી રેડીએશન લેતાં મને કોઈ પણ પ્રકારની જ જલન થઈ કે ન કોઈ ચામડી ઉપર કાળા ધબ્બા થયા. આ જાણી ડોક્ટર્સ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ બધી જ બાબાની કમાલ હતી. આ રીતે બાબાના સાથ દ્વારા, નાના-મોટાની દુઆઓથી, અમારા પાલનપુર સેવાકેન્દ્રના બી.કે. ભારતીબેન અને પાલનપુરના સર્વ બ્રહ્માવત્સો, મહેસાણા સબઝોન અને બધા જ બ્રાહ્મણ પરિવારની દુવાઓથી આજે હું સ્વસ્થ છું અને ઈશ્વરીય સેવાઓમાં મસ્ત છું.

વાહ બાબા વાહ, શું કમાલ છે આપની, શું મદદ છે આપની. મારી પાસે શબ્દ નથી. આભાર માનું તો કેવી રીતે માનું આજે મારું દિલ ગાઈ રહ્યું છે...

બચ્ચોં કે બુલાવે પર ભગવાન આતે હૈ..

હર કાર્ય મેં ઉનકા વો સાથ નિભાતે હૈ...

પ્રભુ પ્રેમ કે ખેલ નિરાલે દેખતે હૈ નસીબોં વાલે..

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 21નું અનુસંધાન)... નશા મુક્ત ભારત** ક્યારેય નહીં.

વર્તમાન સમયે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ સંસ્થામાં આ વ્યસન મુક્તિ અભિયાન નિઃશુલ્ક ચાલી રહ્યું છે તો તેનો લાભ લઈએ.

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 28નું અનુસંધાન). એક તપસ્વી કુમાર** કરવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. આ બન્ને ભાઈ-બહેનોએ પોતાના લૌકિક પરિવારની ઉપસ્થિતિમાં ત્યાગી, યોગી જીવન દ્વારા પરમાત્માના વિશ્વ કલ્યાણ અને વિશ્વ પરિવર્તનના કાર્યમાં જીવન સમર્પિત કરવાનો દૃઢ નિર્ણય લીધો હતો.

વારિસ ક્વોલિટી બી.કે. નીતિનભાઈનો આત્મા જ્યાં પણ જન્મ લેશે ત્યાં એડવાન્સ પાર્ટીમાં જોડાઈ યજ્ઞ સેવા અચૂક કરશે. એવી શુભ ભાવના સહિત હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલિ.

॥ ઓમશાંતિ ॥

# ભારત, હિન્દુ રાષ્ટ્ર કે પછી દૈવી રાષ્ટ્ર ?

બ્ર.કુ. અનંત, નડિયાદ

મોટાભાગના લોકોની ઈચ્છા છે કે ભારત હિન્દુ રાષ્ટ્ર બને પરંતુ ઈશ્વરની ઈચ્છા હિન્દુ રાષ્ટ્ર કરતાં પણ ઉત્તમ દૈવી રાષ્ટ્ર બનાવવાની છે .

શ્રીમદ્ ભગવત્ ગીતામાં પરમાત્માએ વાયદો કર્યો છે કે જ્યારે અતિ ધર્મ ગ્લાનિ થશે ત્યારે હું અનેક ધર્મનો વિનાશ કરી એક જ ધર્મની સ્થાપના કરીશ. અત્યારના સમયે બધા જોઈ રહ્યા છીએ કે ધર્મગ્લાનિની પણ પરાકાષ્ઠા આવી ગઈ છે. આવા સમયે પોતાના વાયદા અનુસાર પરમાત્મા ગુપ્ત રીતે પ્રજાપિતા બ્રહ્મા દ્વારા મુખ વંશાવલી બ્રાહ્મણોની રચના કરી, સત્ય ગીતા જ્ઞાન અને રાજયોગ દ્વારા દૈવીપદ પ્રાપ્ત કરાવી રહ્યા છે. આત્માના સ્વધર્મ (શાંતિ, પવિત્રતા, પ્રેમ...)માં સ્થિત કરાવી રહ્યા છે. આવા મુખ વંશાવલી બ્રાહ્મણોની પાલના સ્વયં પરમપિતા પરમાત્મા કરે છે, પરમશિક્ષક બની ભગવાન જ એમને ભણાવે છે અને પરમસતગુરુ બની સદ્ગતિ પણ કરી રહ્યા છે. આ જ બ્રાહ્મણો ભવિષ્યમાં મહા પરિવર્તન /મહા વિનાશ પછી આવનારા સમયમાં દેવતા બનશે (આ કારણે જ બ્રાહ્મણ દેવતાય નમઃ કહેવાય છે). ભારત એ સમયે દૈવી રાષ્ટ્ર કહેવાશે, જ્યાં સંપૂર્ણ પવિત્રતા સુખ-શાંતિનું સામ્રાજ્ય હશે. નાના મોટા બધા જ, મહારાજા રાજા પ્રજા બધા જ પોતાની રીતે મર્યાદામાં રહેશે. કોઈને કશું કહેવું નહીં પડે કે આમ કરો ...આમ ન કરો.

આ પરિવર્તનના સમયે સમગ્ર વિશ્વની નજર ફક્ત એક ભારત પર જ છે. આ વિશ્વ નાટકની ઈશ્વરીય યોજના મુજબ છેલ્લા 8-10 વર્ષમાં ભારતે બધાનાં (2 પડોશી દેશ સિવાય) દિલ જીતી, વિશ્વગુરુ બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે.

વર્તમાન સમયે કોમન સિવિલ કોડની ચર્ચા પણ થઈ રહી છે. પણ આ દૈવી રાષ્ટ્રમાં એક ધર્મ, એક ભાષા, એક જ રાજ્ય હશે. ખૂબ સહજ રીતે કોમન સીવીલ કોડ લાગુ પણ પડી જશે. આ દેવતાઓ 2500 વર્ષ સુધી રાજ્ય કરશે. પછી દ્વાપરયુગથી દેહભાન - વિકારોને વશીભૂત થઈ પોતાની જાતને હિન્દુ કહેવડાવશે કારણ કે પવિત્રતા જતી રહે. ફરી પાછું એ જ દૈવી રાષ્ટ્ર અને એ જ કોમન સિવિલ કોડ આવી રહ્યા છે. આપ પણ એમાં સહભાગી બની શકો છો. આવો, વિદ્યાલયમાં .

॥ ઓમશાંતિ ॥

- **આ સૃષ્ટિનાટકમાં જે પણ કંઈ થાય છે એમાં કલ્યાણ સમાયેલું છે. શા માટે? આમ કેમ થયું? એવો પ્રશ્ન સમજદારના મનમાં જન્મશે નહીં. નુકસાનમાં પણ કલ્યાણ સમાયેલું છે. બાપ (પરમાત્મા)નો સાથ અને હાથ છે. તો અકલ્યાણ થઈ શકતું નથી. આવી શાન (સમજણ)ની સીટ પર રહો તો કદી પરેશાન થઈ શકશો નહીં. સાક્ષીપણાની સીટ પરેશાની શબ્દને ખતમ કરી દે છે. એટલા માટે ત્રિકાળદર્શી બનીને પ્રતિજ્ઞા કરો કે પરેશાન થઈશું નહીં અને કોઈને પરેશાન કરીશું નહીં.**
- **દરેક પરિસ્થિતિમાં સ્વયંને અનુકૂળ બનાવીને બીજાઓ સાથે સંસ્કાર મેળવવાનો દૃઢ સંકલ્પ કરો. આ અનુકૂળ બનવાની શક્તિ સંસ્કારોને મેળવી દેશે. એટલે મારે મધુરતાનો ગુણ ધારણ કરવાનો છે. કટાક્ષના બોલ તથા કટુ બોલ ક્યારેય પણ બોલવાના નથી.**

# વર્ષ 2024 માટે વિશેષ સૂચના

બ્ર.કુ. નંદિનીબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રોના નિમિત ઇન્ચાર્જ બહેનો, સેવાસાથી બહેનો, બ્રહ્માકુમાર ભાઈઓ-બહેનો તથા સૌ પ્યારાં સ્નેહી વાંચકમિત્રો, આપ મંગળ કુશળ હશો, તેવી શુભ આશા છે.

જાન્યુઆરી, ૨૦૨૪થી ગુજરાતી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થનાર છે. આપ સૌને નમ્ર વિનંતી છે કે, નવા વર્ષ ૨૦૨૪ માટે આપના સેવાકેન્દ્રોની જ્ઞાનામૃત મેગેઝીનની કુલ સંખ્યા જેમ બને તેમ જલ્દીથી

**તારીખ ૩૦, નવેમ્બર ૨૦૨૩ પહેલા**
**જ્ઞાનામૃત કાર્યાલય - સુખશાંતિ ભવન,**
**બ્ર.કુ. નંદિનીબેનને જ્ઞાનામૃતના**
**Email - gyanamrit.guj@gmail.com**

અથવા

**વ્હોટસએપ નંબર - +૯૧ ૯૪૨૬૭ ૦૮૪૪૮**

દ્વારા ખાસ લેખિતમાં જાણ કરશોજી. જ્ઞાનામૃતનું લવાજમ યથાવત જ રાખેલ છે. જાન્યુઆરી ૨૦૨૪નો અંક ખૂબ એડવાન્સમાં તૈયાર થઈને પ્રિન્ટીંગ માટે પ્રેસમાં અગાઉથી ડિસેમ્બર ૨૦૨૩માં આપી દેવાનો હોય છે. આપ સૌની અથાક મહેનત, પરિશ્રમ અને સહકારથી જ્ઞાનામૃતના અંકોની સંખ્યા અમને ૩૦ નવેમ્બર સુધીમાં એડવાન્સમાં મળી જાય તો પ્રિન્ટીંગમાં વધુ સગવડતા રહે.

આપ સૌ નિમિત બહેનોને ખાસ નમ્ર અરજ કરવાની કે, બાબાનો સંદેશ જન-જન સુધી પહોચાડવાની સેવા માટે આપ આપના ક્લાસના સૌ ભાઈ-બહેનોમાં ખૂબ ઉમંગ-ઉત્સાહ ભરી સભ્યો બનાવવાનું લક્ષ્ય રાખશો. સેવાકેન્દ્ર અને ગીતા પાઠશાળાના દરેક બી.કે. પરિવારમાં ઘરે બાબાનું ગુજરાતી જ્ઞાનામૃત અવશ્ય જાય તે હેતુથી, બેહદની સેવા માટે જૂના મેમ્બરોને ચાલુ રાખી, બીજા નવા (ઓછામાં ઓછા) બે-ત્રણ સભ્યો બનાવી જ્ઞાનદાન કરવાની સેવામાં પોતાનું ભાગ્ય બનાવવાના આ સુંદર મોકાને ઝડપી સેવા કરી લેશોજી. દરેક બાબાના બાળકો પોતે સભ્ય બની અંક વાંચીને પોતાનો તે અંક બીજાને વાંચવા આપીને દર મહીને જ્ઞાનની સેવા કરવાની તક લે, તેવી પ્રેરણા જરૂર આપશો. તમે સભ્ય બની ૧ વર્ષમાં ૧૨ અંક દ્વારા જુદા-જુદા ૧૨ પરિવારો, પાડોશી, સ્નેહીજનોની સેવા થશે. બીજા નોન-બી.કે. ભાઈ-બહેનો, ઓફીસના અધિકારીયો, મિત્રો, વેપારીઓ, સમાજસેવી સંસ્થાઓ, મહિલા મંડળ, શાળા-કોલેજ, લાઈબ્રેરીવાળાને જરૂરથી સભ્યો બનાવવાનું લક્ષ્ય ભાઈ-બહેનોને આપશો. સૌ વાંચકમિત્રોને પણ સાદર વિનંતી કે, તમે પણ ઓછામાં ઓછા બીજા ૩ નવા સભ્યો જરૂર બનાવશો.

જ્ઞાનામૃતનું સંપાદન, ડિઝાઈનીંગ, પ્રિન્ટીંગનું કામ ખૂબ નિયમિત રીતે ચાલે છે. મેગેઝીન પહોચાડવા માટે ટ્રાન્સપોર્ટ અને ટપાલ ખાતાની નિયમિત સેવાઓ પણ મળે છે. જેથી આપને રેગ્યુલર જ્ઞાનામૃત મોકલી રહ્યાં છીએ. આપને સમયસર, સારી સ્થિતિમાં, વ્યવસ્થિત રીતે અંકો મળી જતાં જ હશે તેવી જ્ઞાનામૃત ટીમને આશા છે. તેમ છતાં પણ જ્ઞાનામૃત બાબતે આપને કોઈ પણ તકલીફ પડતી હોય, કોઈ સલાહ કે સૂચન તો આપ ચોક્કસપણે નિ:સંકોચ સીધો સંપર્ક કરશો. મેગેઝીનના અંકો આપની અનુકુળતા પ્રમાણે સેવાકેન્દ્ર ઉપર, જે તે સભ્યોને સીધા તેમના ઘરે ટપાલથી મોકલી શકાય તેવા સરકારના

નિયમો પ્રમાણે આયોજન કરીએ છીએ.

આપ સૌને જણાવવાનું કે **જ્ઞાનામૃત ઈ-કોપી બી.કે. મેગેઝીનની વેબસાઈટ, જીઓ એપ્લીકેશન** ઉપર પણ ઉપલબ્ધ છે.

**આભાર માટે -** સમગ્ર વર્ષ દરમ્યાન આપ સર્વ નિમિત ટીચર્સ બહેનો, સર્વ નાની મોટી સાથી બહેનો, જ્ઞાનામૃતના સૌ વર્તમાનના સભ્યો, જ્ઞાનામૃત માટે દરેક સેવાકેન્દ્ર પર નવા સભ્યો બનાવવા, યાદી તૈયાર કરવી, ટ્રાન્સપોર્ટમાંથી લાવવા તેને ક્લાસમાં, ગીતા પાઠશાળામાં, શહેર-ગામમાં બીજા નોન બી.કે. સભ્યોને આપવા જવાની સેવા પૂરી પાડનાર, સમ્રગ વર્ષ દરમિયાન લેખ અનુભવ લખી નિયમિત લખી મોકલવા, સેવાકેન્દ્રો દ્વારા થતી દરેક સેવાના ફોટા પાડવા અને સમાચાર સાથે સમયસર મોકલવા જેવી ઘણી સેવાઓમાં આપ સૌકોઈનો દરેક કાર્યમાં ખૂબ-ખૂબ સાથ, સહકાર અને સપોર્ટ જ્ઞાનામૃતને મળતો આવ્યો છે. તે બદલ સંપાદક અને સમગ્ર જ્ઞાનામૃત ટીમ આપનો અંતકરણ પૂર્વક ખૂબ ખૂબ આભાર માને છે, અમે આપના ઋણી છે. છેલ્લા ૫૨ વર્ષથી બાબાની આ સેવાઓ અવિરત ચાલી રહી છે, અને ભવિષ્યમાં પણ આપણે સૌ સાથે મળીને જ્ઞાનામૃતની સેવાઓને આગળ વધારીને ચાલુ જ રાખીને વધુ અને વધુ સેવાઓને આગળ ધપાવતા રહીએ, તેવી અભ્યર્થના સાથે જ્ઞાનામૃત ટીમ આપ સૌ નામી-અનામીનો અંતકરણ પૂર્વક દિલથી ખૂબ-ખૂબ આભાર માને છે.

તો સમયસર આપની નવા વર્ષની સંખ્યા અમને મળી જશે તેવી શુભ આશા અને પૂર્ણ વિશ્વાસ છે. આભાર સહ.

॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 13નું અનુસંધાન)... સ્વચ્છતા**

વિમર્શ કરીએ. શરીર એ આપણને કર્મક્ષેત્રમાં કર્મ કરવા માટે મળેલો ઈશ્વરપ્રદત ઉપહાર છે. તો સ્વાભાવિક છે કે એ સાધનનું ખૂબ જ કાળજી પૂર્વક ધ્યાન રાખવું એ આપણાં સૌની ફરજ બની રહે છે. જેનાથી આપણે આનંદપૂર્વક જીવનયાપન કરી શકીએ. કહેવત છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા.' તો શરીરને તંદુરસ્ત રાખવા માટે સ્નાનાદિ કર્મની સાથે કસરત પણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. કસરતથી શરીર મજબૂત રહે છે અને દરેક અંગ સશક્ત, સુડોળ અને સ્વસ્થ રહે છે. તેનાથી દિનચર્યાના અનેક કામોમાં પણ મદદ મળે છે. કપડાં પણ ભલે સાદાં પણ ધોયેલા અને પ્રેસ કરેલાં પહેરીએ તે પણ વ્યક્તિત્વને લોકપસંદ અને પ્રભુપસંદ બનાવે છે. તો સાથે મનપસંદ તો બની જ ગયાં ને ! આ બધી પદ્ધતિ જીવનમાં દૃઢતાપૂર્વક અપનાવવાથી મનુષ્યના વ્યક્તિત્વમાં સ્વચ્છતાની સંગે સુઘડતાના દર્શન થાય છે. જે સૌને માટે શિક્ષાપ્રદ આકર્ષણ બની રહેશે. પ્રેરણાદાયી બની રહેશે.

વર્તમાન સમયે આપણા ભારત દેશમાં પણ સરકારશ્રી તરફથી સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. ભારત એ વિશ્વગુરુ ગણાય છે. ગાંધી બાપુએ જેવા આદર્શ દેશનેતાનું 'ભારતને રામરાજ્ય' બનાવવાનું સ્વપ્ન પૂરું કરવાની ઝુંબેશ ચાલી રહી છે. પણ સમાજનો એકમ વ્યક્તિ છે તો જ્યારે વ્યક્તિ પોતે સજાગ થઈ વ્યક્તિગત સ્વચ્છતાનો આગ્રહ રાખશે તો તેનાથી સમાજ, સમાજથી ગામ, ગામથી શહેર અને દેશ સ્વચ્છ બનશે. તો વ્યક્તિગત રૂપે સ્વચ્છતાનો ગુણ અપનાવી આપણો અમૂલ્ય સહયોગ દેશની સ્વચ્છતામાં આપીએ.

॥ ઓમશાંતિ ॥

# એક તપસ્વી કુમારને શ્રધ્ધાંજલિ

## બ્ર.કુ. તરુબેન, વસો

પેટલાદ સેવાકેન્દ્રથી બાબાનું જ્ઞાન પ્રાપ્ત કરનાર **નીતિનભાઈ** નિશ્ચયબુદ્ધિ, અથક સેવાધારી, ધારણામૂર્ત, ત્યાગી-તપસ્વી, તીવ્ર પુરુષાર્થી, શ્રેષ્ઠ દિવ્ય, અંર્તમુખી, બેહદ યજ્ઞ સ્નેહી, યજ્ઞ રક્ષક, પ્લાનિંગ બુદ્ધિ, એકાંત પ્રિય, ગંભીર, જ્ઞાની-યોગી આત્મા હતાં.

તા. 22-05-2023 સોમવારે મહેમદાવાદ સેવાકેન્દ્રના નવનિર્મિત સેવાકેન્દ્રના ઉદ્ઘાટન સમારંભમાં દિવસભર સૌને મળ્યાં. સાંજે 5.30 કલાકે અચાનક ચક્કર આવતાં કોલ્ડ એટેકથી તેમનો દેહ વસો સેન્ટર હોસ્પિટલના દરવાજામાં જ છોડ્યો. ના કોઈની સેવા લીધી, ના હોસ્પિટલનું બીલ, ના પથારી વશ કે ના કોઈ લાંબી બીમારીની કર્મભોગના. સૌને એમની અચાનકની વિદાય અણધારી લાગી.

બીજા દિવસે નડિયાદ સબઝોનનાં સંચાલિકા બી.કે. પૂર્ણિમાબેન, બી. કે. સંધ્યાબેન, બી.કે. ચોક્સી દાદા, બી.કે. બિપિન મામાએ તથા વસો તેમજ અન્ય સેવાકેન્દ્રના બી.કે. ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં તેમને હૃદયપૂર્વકના શબ્દ મંત્રો દ્વારા શ્રધ્ધાંજલિ આપી. સદ્‌ગત નીતિનભાઈના હાઈસ્કૂલના સાથી શિક્ષકો, વસો ગ્રુપ સેન્ટરોએ ભાવાંજલિ આપી હતી. તેઓ શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને ઓમશાંતિ મુખેથી બોલાવીને બાબાનું જ્ઞાન, સંસ્કારોનું સિંચન કરતાં. સદ્‌ગત નીતિનભાઈના બહેન બી.કે. તરુબેન પણ બાબાનાં યજ્ઞમાં જીવન સમર્પિત કરી વસો, ખેડા, માતર, લીંબાસી, ચાંગા સ્થળોએ સેવાકેન્દ્રો, ગીતાપાઠશાળાના અનેક ગામોમાં બાબાની સેવાઓ કરેલ છે. નીતિનભાઈ બાબાના કાર્યોમાં ખૂબ જ સહયોગી બનેલ. તેઓ પોતે બાબાના યજ્ઞ માટે પોતાનો સમય બુદ્ધિ, તન, મન, ધન લગાવતા સાથે સાથે અન્યનું ભાગ્ય બનાવી બાબાના યજ્ઞ સાથે જોડતાં.

શિક્ષક તરીકેની નોકરીમાંથી નિવૃત થયા બાદ સેવાનો વિનિયોગ મધુવન શાંતિવનમાં રહીને પણ આપતાં. નડિયાદ સબઝોનના જે કોઈ સેવાકેન્દ્રમાં જતાં તો ત્યાંની પાઠશાળામાં જવા સદા તત્પર રહેતાં. તેઓ નમ્ર વિવેકી, સરલ અને સાદગીસભર વ્યક્તિત્વ ધરાવતા હોઈ સહુ કોઈના મિત્ર બની જતાં.

તેઓ આજીવન કુમાર, બ્રહ્મચારી અને વારિસ આત્મા હતાં. 1985માં ભારત યુવા પદયાત્રામાં પદયાત્રી તરીકે જોડાયા. સોમનાથથી શરૂ થઈ આ પદયાત્રા પૂર્ણ થતાં અમદાવાદ ઝોન લેવલે અલગ અલગ સંસ્થાઓ દ્વારા પદયાત્રીઓનું ફૂલહારથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બ્ર.કુ. નીતિનભાઈનું યુવા પદયાત્રી તરીકે પેટલાદ સેવાકેન્દ્ર તથા સ્થાનિક રોટરી ક્લબ તથા લાયન્સ ક્લબે સન્માન કર્યું હતું. મધુવનથી પણ ઘણા મહારથી ભાઈ-બહેનો આવ્યા હતા. દાદી ગુલઝારની નિર્મલવાણી અને પવિત્ર દૃષ્ટિથી પ્રભાવિત થઈ તરુબેને બ્રહ્માકુમારી બની સેવા

(અનુસંધાન પેજ નં. 24 પર)

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં સપ્ટેમ્બર – ૨૦૨૩ માસની શબ્દાવલી ભાગ – ૩૪ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ – ૩૫ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ – ૩૫ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૩૫

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | 4 | ■ | 5 | ■ | 6 | 7 |
| 8 | | ■ | 9 | | | | ■ | 10 | |
| 11 | | ■ | | ■ | ■ | 12 | | | |
| ■ | ■ | ■ | 13 | 14 | 15 | ■ | ■ | ■ | |
| 16 | 17 | | ■ | 18 | | 19 | | ■ | |
| 20 | | ■ | 21 | | ■ | | ■ | 22 | ■ |
| 23 | | | ■ | 24 | 25 | | ■ | 26 | 27 |
| ■ | ■ | ■ | 28 | ■ | | ■ | 29 | | |
| 30 | 31 | | | ■ | | ■ | 32 | | ■ |
| 33 | | ■ | 34 | | ■ | 35 | | | |

### શબ્દાવલી ભાગ - ૩૩ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ગો | 2 વ | ર્ધ | 3 ન | ■ | 4 અ | 5 મૃ | 6 ત | વે | 7 લા |
| 8 કુ | શ | ■ | ક | ■ | 9 મ | ગ | ર | ■ | ભ |
| લ | ■ | 10 ચાં | દ | સૂ | ર | જ | ■ | ■ | ■ |
| 11 અ | મા | સ | ■ | ■ | 12 ક | ળ | શ | ■ | ■ |
| ષ્ટ | ■ | 13 લ | ધુ | 14 ક | થા | ■ | ■ | 15 ભો | 16 ગ |
| 17 મી | 18 ર | ર | ■ | લ્પ | ■ | 19 જ | 20 વ | ■ | ણે |
| ■ | જ | ■ | 21 પ્ર | વૃ | તિ | મા | ર્ગ | ■ | શ |
| 22 ર | ત | ન | ■ | ક્ષ | ■ | ■ | ■ | 23 રી | ચ |
| ગ | ■ | ■ | 24 સી | ■ | 25 ના | 26 ર | દ | ■ | તુ |
| 27 સા | ક્ષ | ર | તા | દિ | વ | સ | ■ | 28 અ | ર્થી |

**આડી ચાવીઓ –**

૧. શિવબાબાની એક મહિમા (૫)
૬. તેજ, ઓજસ (૨)
૮. ઈશ્વર (૨)
૯. રાસની ..... (૪)
૧૦. મલાઈ (૨)
૧૧. સૂર, લય અને .... (૨)
૧૨. અંત કા સમય (૪)
૧૩. વિજ્યાદશમી (૩)
૧૬. ૨જી ઓક્ટોબર .....ની જયંતી (૩)
૧૮. ગુજરાતનું રંગીલું શહેર (૪)
૨૦. કિનારી, નાનો ટેકરો ..... (૨)
૨૧. ..... નું ખાતું જમા કરો (૨)
૨૩. અનામત (૩)
૨૪. દાળ અને શાકમાં વપરાય (૩)
૨૬. કિષ્નની ..... લીલા (૨)
૨૯. માખણનું અંગ્રેજી (૩)
૩૦. ૮ ઓક્ટોબર યજ્ઞના આદિરત્નોનો સ્મૃતિ દિવસ (૪)
૩૨. બાપ, ટીચર અને ..... (૨)
૩૩. વિલેજને ગુજરાતીમાં ..... કહેવાય (૨)
૩૪. ઉત્તર શબ્દનું અંગ્રેજી (૨)
૩૫. બચ્ચે પુરુષાર્થ મેં ફાસ્ટ કે બજાય .... કરતે (૪)

**ઊભી ચાવીઓ –**

૧. નવરાત્રિ (૩)
૨. સ્ટીકર (૩)
૩. નવરાશ, નિવૃત્તિ (૪)
૪. મલ શબ્દને ઉંધો લખો (૨)
૫. ડ્રામા (૩)
૬. ..... પંછી ઉડ ઉડ જાયે (૩)
૭. ..... શક્તિ અવતાર (૩)
૧૪. અંબા, જગદંબા (૪)
૧૫. રહસ્ય (૨)
૧૬. મહાભારતનું એક પાત્ર (૩)
૧૭. એક ગુણ (૩)
૧૯. અત્યારે તમે જે ભરી રહ્યા છો એ ..... (૩)
૨૨. વિષ્ણુ ચતુર્ભુજ સ્વરૂપ (૫)
૨૫. આડી ચાવી ૧૦મી લખો (૩)
૨૭. સાહેબ શબ્દનું અંગ્રેજી (૨)
૨૮. પાણીપુરીનું પાણી બનાવવા વપરાય (૩)
૨૯. એક પક્ષી (૩)
૩૦. ...... જમુના, એક નદી (૨)
૩૧. રમત શબ્દનું અંગ્રેજી (૨)



અમદાવાદના સુપ્રસિધ્ધ અંગ્રેજી દૈનિક સમાચારપત્ર 'ટાઈમ્સ ઑફ ઈન્ડીયા'ના નિવાસી તંત્રી ભ્રાતા હરીત મહેતાને રાખડી બાંધતા સુખશાંતિભવન સેવાકેન્દ્રના બ્ર.કુ. રેવતીબેન.



અમદાવાદના સુપ્રસિધ્ધ ગુજરાતી દૈનિક સમાચારપત્ર 'સંદેશ'ના કૉલમ લેખક, વરિષ્ઠ પત્રકાર ભ્રાતા દેવેન્દ્રભાઈ પટેલને આત્મસ્મૃતિનું તિલક કરતાં સુખશાંતિ ભવન સેવાકેન્દ્રના બ્ર.કુ. ઉર્મિલાબેન.



સુરતમાં સુપ્રસિધ્ધ ગુજરાતી દૈનિક સમાચારપત્ર 'ગુજરાત મિત્ર'ના ચીફ રીપોર્ટર અને વરિષ્ઠ પત્રકાર ભ્રાતા ચંદ્રકાંતભાઈ સોલંકીને રક્ષાબંધન કરતા બાલાજી રોડ સેવાકેન્દ્રના બ્ર.કુ. ફાલ્ગુનીબેન.



ગાંધીનગર સેક્ટર-૩ ખાતે રક્ષાબંધન સ્નેહમિલનમાં પધારેલ ગુજરાત બાર કાઉન્સીલ ફાયનાન્સ કમિટીના ચેરમેન ભ્રાતા શંકરસિંહ ગોહિલ, ભ્રાતા અરૂણભાઈ ચૌધરી સાથે બ્ર.કુ. સુનિતાબેન.



સુરત મોટા વરાછા ખાતે રક્ષાબંધન કાર્યક્રમમાં બ્ર.કુ. અનીતાબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન અને બ્ર.કુ. મીનાબેન.




ખેડામાં રક્ષાબંધન સ્નેહમિલનમાં 'પેન્શન મંડળ'ના પ્રમુખ ભ્રાતા બચુભાઈ દલવાડી, અન્ય હોદ્દેદારો સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. દક્ષાબેન.



ઘમાસણા સેવાકેન્દ્ર દ્વારા નારદીપુર ખાતેની SBI બેંકના મેનેજર ભ્રાતા કેતનભાઈ પટેલને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. કીર્તિબેન.



નખત્રાણામાં તાલુકા પંચાયતના પ્રમુખ ભ્રાતા જયસુખભાઈ પટેલને રાખડી બાંધતા બ્ર.કુ. કિરણબેન.



સરભાણ સેવાકેન્દ્ર દ્વારા પાલેજ શહેરના PI ભગિની શિલ્પાબેન દેસાઈને રાખડી બાંધતા બ્ર.કુ. પ્રીતિબેન.




માતરના PSI ભગિની હેતલબેન રબારીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રૂપલબેન.



હળવદના PSI ભ્રાતા જે.એન. રાઠવાને રક્ષાબંધન બાદ ઈશ્વરીય સૌગાત આપતા બ્ર.કુ. જયશ્રીબેન.



પાટડીના PSI ભ્રાતા ઝેડ.એલ.આડેદરાને રક્ષાબંધન કર્યા બાદ સ્ટાફ સાથે સમુહચિત્રમાં બ્ર.કુ. પ્રિયાબેન.



સુરત પરવટ સેવાકેન્દ્ર દ્વારા ગોડાધરા પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન બાદ સર્વ સ્ટાફ સાથે બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. રિધ્ધિબેન.



ગાંધીધામ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન બાદ PSI ભ્રાતા સી.ટી.દેસાઈ તથા સ્ટાફ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. સરિતાબેન.



રાજકોટ શાસ્ત્રીનગર પોલીસ સ્ટેશનમાં નશા મુક્ત ભારતનો સંદેશ આપી રક્ષાબંધન બાદ PSI ભ્રાતા દીપક ઠાકર તથા સ્ટાફ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. દિવ્યાબેન, બ્ર.કુ. મમતાબેન.



બાંટવા પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન બાદ PSI ભ્રાતા કચોટ તથા સ્ટાફ સાથે સમૂહચિત્રમાં બ્ર.કુ. મધુબેન.



અમદાવાદ ચાંદખેડા દ્વારા ગુજરાત ફુટબૉલ એસો.ના ઉપપ્રમુખ ભ્રાતા અરૂણસિંહ રાજપુતને રાખડી બાંધતા બ્ર.કુ. સંગીતાબેન.



ધંધુકાના ધારાસભ્ય ભ્રાતા કનુભાઈ ડાભીને રક્ષાબંધન કર્યા બાદ ઈશ્વરીય સ્મૃતિ ચિન્હ ભેટ કરતાં બ્ર.કુ. મનીષાબેન.



અમદાવાદ ઈન્ડીયા કૉલોની સેવાકેન્દ્ર દ્વારા સુપ્રસિધ્ધ કાકડીયા હોસ્પીટલના ડૉક્ટરર્સને રક્ષાબંધન બાદ સમુહમાં બ્ર.કુ. ભાનુબેન.



કેશોદ ખાતે સુપ્રસિધ્ધ ડૉક્ટર ભ્રાતા અશ્વિનભાઈ અજુડીયાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રૂપાબેન.



ગાંધીનગર સેક્ટર ૨૭માં 'વિશ્વ બંધુત્વ'ના દિવસે આયોજીત 'સ્નેહાંજલી' કાર્યક્રમમાં મ્યુ. કૉરપોરેટર ભગિની સોનાલીબેન, બ્ર.કુ. અંજુબેન.



બારેજા ખાતે નગરપાલિકાના પ્રમુખ ભગિની હેતલબેન પટેલને રક્ષાબંધન કર્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. વીણાબેન.



મરોલી પાસે મહુવર ગામના સરપંચ ભગિની યોગિનાબેન પટેલને રક્ષાબંધન બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. મુકેશબેન.



ઉમરગામના TDO ભ્રાતા અક્ષયસિંહ રાજપુતને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. ચેતનાબેન સાથે નગરપાલીકાના પ્રમુખ ભ્રાતા રમેશભાઈ.



અબ્રામામાં માનસિક અસંતુલિત જનોની સંસ્થા આત્મવિશ્વાસ વિદ્યાલયમાં રક્ષાબંધન બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. સંગીતાબેન.



વાસદા પાસે શિવરીમલ ખાતે માનવ કલ્યાણ ટ્રસ્ટમાં વિકલાંગોને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. સાધનાબેન.



જલાલપોર ખાતે બહેરામુંગાની શાળા મમતા મંદિરના આચાર્ય ભગિની ધ્રુવીબહેનને  રક્ષાબંધન કરતા બ્ર.કુ. ભાનુબેન.



તારાપુર ખાતે બ્લડ બેંક રેડક્રોસ સોસાયટીના ડૉ. આકાશભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. હસુબેન.



વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર દ્વારા ડાંડીયા બજાર ફાયર બ્રિગેડના જવાનોને રક્ષા બાંધી સમૂહમાં બ્ર.કુ. સુનીતાબેન, બ્ર.કુ. વંદનાબેન.



પોરબંદર ખાતે ખાસ જેલમાં કેદીઓને રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય સમજાવતા બ્ર.કુ. હંસાબેન, બ્ર.કુ. લીનાબેન તથા અન્ય.



જેતપુર સબજેલમાં કેદીઓને રક્ષાબંધન કર્યા બાદ સમૂહમાં બ્ર.કુ. શાંતનુબેન.



વડોદરા અલકાપુરી સેવાકેન્દ્ર દ્વારા વડોદરા સેન્ટ્રલ જેલમાં પાકા કેદીઓને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ભાવનાબેન.




વ્યારાના સુપ્રિન્ટેન્ડટ ઑફ પોલીસ ભ્રાતા રાહુલભાઈ પટેલ IPSને રાખડી બાંધતા બ્ર.કુ. દીપાબેન.



ડીસા જીલ્લાના ડી.એસ.પી. ભ્રાતા ડૉ. કૌશલભાઈ આર. ઓઝા IPSને રક્ષાસૂત્ર બાંધવા બ્ર.કુ. ધર્મિષ્ટાબેન.



રાજકોટ અવધપુરી દ્વારા મ્યુનિસીપલ કોરપોરેશનના ડેપ્યુટી કમિશનર ભ્રાતા અનીલ ધામેલીયાને રાખડી બાંધતા બ્ર.કુ. રેખાબેન.




ધારીમાં રક્ષાબંધન બાદ નાયબ કલેક્ટર ગોવિંદભાઈ, ડી.એસ.પી. ભ્રાતા હરેશ વોરા, PSI એ.એમ.દેસાઈ સાથે બ્ર.કુ. ભારતીબેન.



મોડાસા જીલ્લાના સીવીલ કોર્ટના ન્યાયાધીશ ભ્રાતા પ્રતાપભાઈ જેઠવાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ઈન્દીરાબેન.



રાજકોટ જીલ્લાના કોર્ટના ન્યાયાધીશ ભ્રાતા આર.ટી.વાછાણીને રક્ષાબંધન કરતાં ગાયકવાડી સેવાકેન્દ્રના બ્ર.કુ. જ્યોત્સનાબેન.



સાવલીના અધિક જીલ્લા ન્યાયાધીશ ભ્રાતા જે.વાય. ઠક્કરને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. જલપાબેન.



ચિલોડા દ્વારા એરફોર્સના ચીફ એન્જીનીયર ભ્રાતા મહેન્દ્ર પાલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. તારાબેન સાથે બ્ર.કુ. શ્રૃતિબેન.



શહેરામાં ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર ભ્રાતા જેઠાભાઈ ભરવાડને રાખડી બાંધતા બ્ર.કુ. રતનબેન.



ભાવનગરમાં સંસદ સભ્ય ભગિની ભારતીબેન શિયાળને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. તૃપ્તિબેન.



અમરેલી ખાતે સંસદ સભ્ય ભ્રાતા નારાયણ કાછડીયાને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. ગીતાબેન.



ભૂજ–કચ્છ ખાતે સંસદ સભ્ય ભ્રાતા વિનોદભાઈ ચાવડાને રક્ષાબંધન  કરતાં બ્ર.કુ. રક્ષાબેન.




માળીયા હાટીનામાં સંસદ સભ્ય ભ્રાતા રાજેશભાઈ ચુડાસમાને રાખડી બાંધતા બ્ર.કુ. મીતાબેન.



મહેસાણામાં જીલ્લા BJP પ્રમુખ ભ્રાતા ગીરીશભાઈ રાજગોરને રક્ષાબંધન બાદ સૌગાત આપતાં બ્ર.કુ. સરલાબેન.



નવસારી ખાતે ધારાસભ્ય ભ્રાતા રાકેશભાઈ દેસાઈને આત્મ સ્મૃતિનું તિલક કરતાં બ્ર.કુ. ગીતાબેન.



ખોરજ સેવાકેન્દ્ર દ્વારા ધારાસભ્ય ભ્રાતા અલ્પેશ ઠાકોરને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. હેમનાબેન અને બ્ર.કુ. રંજનબેન.

Gyan Amrit Vol.16 | Issue 10 | October 2023 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભ્રાતા ભૂપેન્દ્રભાઈ પટેલને આત્મ સ્મૃતિનું તિલક કરતાં અમદાવાદ થલતેજ સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. આશાબેન.





ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભ્રાતા ભૂપેન્દ્રભાઈ પટેલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કૈલાસબેન બાજુમાં બ્ર.કુ. તારાબેન.



રાજકોટ પંચશીલ સેવાકેન્દ્ર ઉપર પધારેલ ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય રાજ્ય મંત્રી ભ્રાતા વલ્લભભાઈ કથીરીયાને રક્ષાબંધન કરતા ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી.



રાજકોટ ખાતે કર્ણાટક રાજ્યના પૂર્વ ગર્વનર ભ્રાતા વજુભાઈ વાળાને રક્ષાબંધન કરતા બ્ર.કુ. અંજુબેન સાથે બ્ર.કુ. કિંજલબેન.



કિલ્લા પારડી સેવાકેન્દ્ર ઉપર પધારેલ ગુજરાત સરકારના નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી ભ્રાતા કનુભાઈ દેસાઈને રક્ષાબંધન બાદ ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. પારૂલબેન.



સુરત અડાજણ દ્વારા BJP ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ભ્રાતા સી.આર. પાટીલને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. દક્ષાબેન.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com